Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ



આત્મ સંવત ૮૯ (ચાલુ) વીર સં. ૨૫૧૦
વિક્રમ સંવત ૨૦૪૦ ભાદરવો

## સુભાષિત

જે કારવેઈ પડિમં, જિણાણં જિઅ રાગ દેસ મોહાણં ।
સો અન્નભવે પામઈ, ભવ મહણં ધમ્મ વરરયણં ॥

જે માણસ રાગ, દ્વેષ અને મોળને જીતનારા જિનેશ્વરોની પ્રતિમા કરાવે છે. (કરાવીને સ્થાપન કરે છે) તે બીજા ભવમાં ભવને મથન કરનાર શ્રેષ્ઠ ધર્મ રૂપી રત્નને પ્રાપ્ત કરે છે.

વરનાણ કિરિઅ રુવો, સોવન્ન રસાયણં ચ જિણધમ્મો ।
સેવિજ્જંતો કમ્મા – મયહરણો નિવ્વુઈં દેઈ ॥

શ્રેષ્ટ જ્ઞાન અને ક્રિયારૂપ આ જિનધર્મ સુવર્ણના બનાવેલા રસાયણ રૂપ છે. તેનું સેવન કરવાથી તે કર્મરૂપી રોગનું હરણ કરી નિર્વૃત્તિને (મોક્ષ) આપે છે.

ઔષધેન વિના વ્યાધિઃ પથ્યાદેવ નિવર્તતે ।
ન તુ પથ્ય વિહીનસ્ય ભેષજાનાં શતૈરપિ ॥

ઔષધ વિના પણ પથ્યથી જ વ્યાધિ નષ્ટ થાય છે; પરંતુ પથ્ય વિના સેંકડો ઔષધોથી પણ વ્યાધિ નષ્ટ થતો નથી.

તેજ પ્રમાણે પાપના પરિહાર રૂપ ધર્મરસનું સેવન કર્મમય વ્યાધિને હરનાર થાય છે.

(અનુસંધાન ટાઈટલ પેજ ૨ ઉપર)

પ્રકાશક : શ્રી જૈન આત્માનંદ સભા–ભાવનગર

પુસ્તક : ૮૧ ] સપ્ટેમ્બર : ૧૯૮૪ [ અંક : ૧૧

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અનુક્રમણિકા


| ક્રમ | લેખ | લેખક | પૃષ્ઠ |
|---|---|---|---|
| ૧ | પરમપૂજ્ય શ્રી પદ્મપ્રભ સ્વામીનું સ્તવન | લે, પરમપૂજ્ય આનંદઘનજી મહારાજ સાહેબ | ૧૬૧ |
| ૨ | અભિનિવેશનો ત્યાગ (હિન્દી) | અનુ પી. આર, સલોત | ૧૬૨ |
| ૩ | જીવદયા ઉપર ભીમ અને સોમની કથા | પ.પૂ. આ. શ્રી કૈલાસસાગરસૂરિજી મ. સા.ના શિષ્યરત્ન મુનિશ્રી નીતિસાગરજી મહારાજ સાહેબ | ૧૬૫ |
| ૪ | વસુદેવ હિણ્ડી ( હીન્દી ) | પ.પૂ. સંઘદાસ ગણિ. | ૧૬૭ |
| ૫ | પરમયોગી શ્રી ચિદાનંદજી મહારાજ | રાયચંદ મગનલાલ શાહ | ૧૭૨ |
| ૬ | સતી સુરસુંદરી | લે. પ.પૂ. આ. શ્રી વિજયઅમૃત સૂરીશ્વરજી મ, સા.ના શિષ્ય પૂ. મુનિશ્રી દાનવિજયજી મહારાજ સાહેબ | ૧૭૫ |
| ૭ | જૈન સમાચાર | — | ૧૮૦ |


( અનુસંધાન ટાઇટલ પેજ ૧ નુ ચાલુ )

પૂજા કોટિ સમં સ્તોત્રં, સ્તોત્ર કોટિ સમો જપ: ।
જપ કોહ સમં ધ્યાનં ધ્યાન કોટિ સમો લય: ।।

કરોડ પૂજા જેટલું એક સ્તોત્ર છે, કરોડ સ્તોત્ર સરખો એક જાપ છે, કરોડ જાપ જેટલું એક ધ્યાન છે, અને કરોડ ધ્યાન જેટલું એક લય ( તન્મયપણું ) છે.

હે પુણ્યવાન્! તું કદાચિત્ એમ ચિંતવતો હો કે, " પુણ્યકર્મ સ્વરૂપ ધર્મ આવતી કાલે કરીશ " પરંતુ ભાઇ ! કાલ કોને જોઇ છે ? " ન જાણ્યું જાનકીનાથે સવારે શું થવાનુ છે !!" કેમકે, વિચિત્ર પ્રકારના કર્મ ઉદયમાં આવે છે અને જીવન તો ખરેખર પાણીના પરપોટા જેવું ક્ષણભંગુરજ છે. માટે આજેજ ધર્મ આરાધના કરી લે !!!

o o o

હે આત્મન્! આ સંસાર કેવો વિચિત્ર છે કે—જે સ્નેહી, સ્વજનો, મિત્રોની સાથે તું સવારના સુખ દુઃખની વાતો કરતો હતો, તે સ્વજનોમાંથી કોઇક અકસ્માત હાર્ટએટેક આદિથી અવસાન પામેલા હોવાથી સાંજના દેખાતાજ નથી. માટે તું આળસ તજીને ક્ષણનો પણ વિલંબ કર્યા વિના ધર્મારાધના જ કર !!!

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આ સભાના નવા માનવંતા પેટ્રન

# શ્રી નવિનચંદ્ર રાયચંદ ઘોઘાવાળાની

## જીવન ઝરમર

ઘોઘાબંદર એક ઐતિહાસિક નગરી છે. દોઢસો વરસ પહેલા ભારતના એ બંદરોમાંની જાહોજલાલી કોઈ અનેરી હતી. ભારતમાં તો શું પણ દુનીયામાં ઘોઘાબંદરના વેપારીઓનો ડંકો વાગતો હતો. ઘોઘાના વહાણો આખી દુનીયા ફેંદી વળતા હતા. જાવા-સુમાત્રા, ચીન, આફ્રીકા, અરબસ્તાન સુધી ઘોઘાના વહાણો જતા એની સાથે વેપાર વિનીમય ચાલતો. ઘોઘાના વેપારી શાહ-સોદાગરો સાહસિક હતા. એની આંટ એટલી હતી કે જ્યાં જાય ત્યાં એના બોલ ઉપર, એની ચીઠ્ઠી ઉપર વગર ઓળખાણ પીછાણે માત્ર ઘોઘાના વેપારીની જ છાપથી મેં માગ્યું નાણું અને માલ મળતા હતા. ઘોઘામાં શ્રી નવખંડા પાર્શ્વનાથ ભગવાનની ચમત્કારિક પ્રતિમાજી બિરાજમાન છે. આ પ્રતિમાજી ભાવનગરના વડવા પરાના બાપેસરા નામનાં કુવામાંથી નવ ટુકડામાંથી નીકળી હતી. તેને સ્વપ્નમાં શાસનદેવે જણાવ્યા પ્રમાણે નવ દિવસ લાપસીમાં ભારી રાખવાથી એક અખંડ પ્રતિમાજી બની ગયા. જો કે એકાદ દિવસની ઉતાવળ કરવાથી તેના નિશાન રહી ગયા છે જે આજે પણ દેખાય છે.

શ્રી નવિનચંદ્ર રાયચંદ સંઘવીનો જન્મ આ ઘોઘા બંદરમાં શ્રેષ્ટિવર્ય શ્રી રાયચંદ લલ્લુભાઈ સંઘવીને ત્યાં મહા પુણ્યશાળી માતા સમરથબેનની કુક્ષિએ તા. ૨-૪-૨૬ના મંગળ દિવસે થયો હતો. શ્રી રાયચંદભાઈ તથા સમરથબેન બન્ને ખરેખરા ધર્મમૂર્તિ હતા. લાંબુ દીર્ઘાયુ ભોગવી સ્વર્ગે સિધાવ્યા. પણ આખું જીવન ધર્મમય-ધર્મના રંગે રંગાએલુ હતું. સમરથબેને જીવન સામાયિકને સમર્પણ કર્યું હતું. ખાવા-પીવાનું, સુવાનું કે કુદરતી હાજત જેવો અમુક સમય બાદ કરતાં દિવસ રાત ભલુ એનું કટાસણું-ચરવળો અને ભલા સમરથબેન. બીજી કોઈ લપ સપમાં એ પડે નહીં. કોઇની નીંદા કુથલી સાંભળે નહીં, કરે નહીં. જાણે સંસારથી વિરકત દશા હોય. નવકારવાળીને નીચે મૂકે નહીં. લાખો નવકાર મંત્રનો તથા ઉવસગ્ગહરંનો શંખેશ્વર પાર્શ્વનાથનો જાપ એમણે કર્યો હશે. એવીજ રીતે શ્રી રાયચંદભાઇએ પણ ઓછામાં ઓછા ૨૭ લાખ નવકારમંત્રના એકાદ લાખ ઉવસગ્ગહરંના તથા સંતિકરં વિગેરેના જાપ કર્યા હશે, જેની પાકી નોંધ મળવી શકય નથી. પણ ટુંકામાં આવા ધર્મી માતા પિતાને ત્યાં જન્મ મળવો તે પણ પુણ્યની નિશાની છે. શ્રી નવિનચંદ્ર બે ભાઈ઼ઓ છે. મોટા વડીલ બંધુશ્રી મનુભાઈ છે. બન્નેમાં અત્યંત સ્નેહ અને પ્રેમ છે. ઘરમાં બધાજ માણસો હળીમળીને રહે છે. વેપાર ધંધો પણ ભેગો છે. મુંબઈમાં એક લુહાર ચાલમાં અને બીજી ( અંધેરી ) પરામાં એમ બે દુકાનો છે. ઈલેકટ્રીક સામાનનો જથ્થાબંધ બહુ મોટા પાયા ઉપર વિશાળ ધંધો છે. અનેક કંપનીઓની એજન્સીઓ છે. શ્રી મનુભાઈ તથા શ્રી નવિનભાઈના પુત્રો પણ દુકાનમાં સાથેજ છે. જેવાં વેપારમાં પ્રવિણ છે એવાજ જનતાની સેવામાં પણ તેઓ પ્રવિણ છે. અનેક સંસ્થાઓમાં સાક્રય કાર્ય કરી રહ્યા છે, એમ નહીં પણ પોતે જાતેજ જાણે એક સંસ્થા હોય તેમ પોતાના દ્રવ્યથી દાનનો પ્રવાહ વહાવી દુખીઓના દિલાસા અને વિસામારૂપ બની ગયા છે. ગુપ્તદાનમાં તેઓ માને છે-એને ત્યાં આવેલો આનંદ અને સંતોષ લઈનેજ જાય. કુટુંબ-વહેવાર-વેપાર બધુજ સંયુક્ત ચાલે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી નવિનભાઇનો અભ્યાસ માત્ર છ ધોરણ સુધીનો છે, છતાં કોઠા સૂઝ અને નમ્રતા ઘણીજ એમના ધર્મપત્નિ શ્રીમતિ કુંદનબેને પણ ધર્મનો વારસો સાસુ પાસેથી લીધો હોય તેમ દેવ-દર્શન, પૂજા, વ્યાખ્યાન, તપ-જપ ઇત્યાદિ ચાલુજ હોય. ખુબ સારૂં માર્ગદર્શન આપી શકે. શ્રી રાયચંદભાઇ તથા સમરથબેનની હૈયાતીમાં એમના કુટુંબ પરિવાર તરફથી શ્રી શંખેશ્વરજીનો એક સંઘ મુંબઇથી કાઢવામાં આવ્યો હતો ને સગા-સંબંધી તેમજ ઘોઘાના વતનીઓને યાત્રાનો લાભ આપ્યો હતો. એવીજ રીતે ઘોઘાથી શ્રી શંત્રુજય તીર્થાધિરાજનો છરી પાળતો સંઘ કાઢયો હતો. જેમાં સારા પ્રમાણમાં પૂજ્ય સાધુ-સાધ્વીઓનો પણ લાભ મળ્યો હતો. આ સિવાય શ્રી નવિનચંદ્રભાઈએ સમેતશિખરજી કચ્છની, દક્ષિણની વિગેરે સારાએ ભારતમાં યાત્રાઓ કરી છે. તેઓને સંતાનોમાં બે પુત્રો એક રાજેન્દ્ર તથા બીજા પુત્ર તુષાર છે, બે પુત્રીઓ ભારતી તથા વર્ષા છે. બધા પરણાવેલા છે. સ્વભાવે ખુબજ શાંત અને સમતાવાળી પ્રકૃતિ છે, બધા સાથે પ્રેમાળ અને મળતાવડો સ્વભાવ. એવીજ ઉદારતા બીજાનું દુઃખ એનાથી જોઈ શકાય નહી એવા દયાળુ. કુંદનબેન પણ એવાજ છે, સદ્ગુણ એજ સોનું છે એ જીવનમાં અપનાવી જીવન સાર્થક કરી રહ્યા છે. એવા એક સજ્જન આ સભાનું પેટ્રન પદ સ્વિકાર્યુ છે તેનાથી સભાના ગૌરવમાં વધારો થયો છે. તેઓ સભાને સમ્યગ્જ્ઞાનના કાર્યોમાં સદાય પ્રોત્સાહન આપતા રહે અને શાસનની સેવા કરે એજ ભાવના અને પ્રભુ પ્રાર્થના !!

—રાયચંદ મગનલાલ શાહ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


# શ્રી આત્માનંદ પ્રકાશ

તંત્રી : શ્રી પોપટલાલ રવજીભાઇ સલોત

વર્ષ : ૮૧ ] વિ. સં. ૨૦૪૦ ભાદરવો : સપ્ટેમ્બર-૧૯૮૪ [ અંક : ૧૧


## પરમ પૂજ્ય શ્રી પદ્મપ્રભ સ્વામીનું સ્તવન

લે. પરમ પૂજ્ય આનંદઘનજી મહારાજ સાહેબ

પદ્મપ્રભ જિન ! તુજ મુજ આંતરું રે ક્રિમ ભાંજે ભગવંત ?
કર્મ વિપાક કારણ જોઇને રે, કોઇ કહે મતિવંત...(૧)

પયઇ-ઠિઇ-અણુભાગ-પ્રદેશથી રે, મૂલ ઉત્તર ભેદ,
ઘાતી-અઘાતી, હો બંધોદય ઉદીરણારે, સત્ત કર્મ-વિચ્છેદ...(૨)

કનકોપલવત પયડી-પુરુષ તણીરે, જોડી અનાદિ સ્વભાવ,
સત્ય સંજોગી જિહાં લાગે આતમા, સંસારી કહેવાય...(૩)

કારણ જોગે હો બાંધે બંધને રે કારણ મુગતિ મૂકાય,
'આશ્રવ' 'સંવર' નામ અનુક્રમે રે, હેય-ઉપાદેય સુણાય...(૪)

'યુંજન-કરણે' હો અંતર તુજ પડ્યા રે, ગુણ કરણે કરી ભંગ,
ગ્રંથ ઉક્તે કરી પંડિત જન કહ્યાં રે, અંતર ભંગ સુઅંગ...(૫)

તુજ-મુજ અંતર ભાંજશેરે, બાજશે મંગળ તૂર,
જીવ સરોવર અતિશય વાધશેરે, આનંદઘન રસ પૂર...(૬)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અભિનિવેશનો ત્યાગ (હિન્દી)

અનુ. : **પી. આર સલોત**

પરમ કૃપાનિધિ મહાન્ શ્રુતધર આચાર્યશ્રી હરિભદ્રસૂરિજીએ, **'ધર્મબિન્દુ'** ગ્રન્થમાં ગૃહસ્થ જીવનનો ૩૧મો સામાન્ય ધર્મ જણાવેલ છે:

સર્વ કાર્યોમાં અભિનિવેશનો ત્યાગ. બીજા જીવોનો પરાભવ કરવાની ઈચ્છાથી અનીતિપૂર્ણ કાર્યનો પ્રારંભ કરવો તે—અભિનિવેશ છે.

જ્યારે કોઈ વ્યક્તિ સાથે શત્રુતા થાય છે, વૈરની ભાવના બને છે, ત્યારે તે વ્યકિતનો પરાભવ કરવાની ઈચ્છા જાગે છે. તે વ્યક્તિને આર્થિક હાનિ પહોંચાડવાની દુષ્ટ ભાવના પેદા થાય છે. તેને પારિવારિક નુકશાન પહોંચાડવાનો ઇરાદો થાય છે. તેના પર જૂઠા આરોપ મૂકીને બદનામ કરવાની દુષ્ટ ઈચ્છા જાગે છે. આવી દુષ્ટ ભાવના ઉદ્ભવે ત્યારે પરિણામનો વિચાર આવતો નથી, પાપ-પુણ્યનો પણ વિચાર આવતો નથી. અરે! વર્તમાન જીવનના અનર્થોનો પણ વિચાર આવતો નથી.

કાવેરી નગરીની રાજકુમારી રુક્મિણીએ જ્યારે સાંભળ્યું કે રાજકુમાર કનકરથે રસ્તામાં જ એક ઋષિકન્યા સાથે શાદી કરી લીધી છે અને પાછા ચાલ્યા ગયા છે. ત્યારે રુકિમણીને ખૂબ આઘાત લાગ્યો. ઋષિકન્યા પ્રત્યે ઈર્ષા-શત્રુતા પેદા થઈ. જોકે ઋષિ કન્યાએ તેનું કશું બગાડ્યું ન હતું. પરંતુ રુકિમણીની વિચારશ્રેણી ગલત હતી. "મારી સાથે શાદી કરવાને માટે રાજકુમાર અહીં આવતા હતા. રસ્તામાં જાદૂગરની ઋષિકન્યાએ તેને સંમોહિત કરી દીધા. રાજકુમારે તેની સાથે શાદી કરી લીધી અને હું અહીં ઈન્તજાર કરતી બેઠી રહી.

હકીકતમાં વાત જુદી હતી, ઋષિકન્યાએ રાજકુમારને સંમોહિત નહોતા કર્યા. પરંતુ રાજકુમાર જાતે જ ઋષિકન્યા પર મોહિત બન્યા હતા. કન્યાનું નામ હતું ઋષિદત્તા. પિતા રાજર્ષિ પાસે જંગલમાં રહેતી હતી. જન્મ આપ્યા બાદ રાણીનું મૃત્યુ થયું હતું. રાજર્ષિએ તેને ઉછેરી હતી. રાજર્ષિએ રાજકુમાર સાથે ઋષિદત્તાના લગ્ન કરી દીધા હતા. શાદી બાદ થોડો સમય આશ્રમમાં રહીને ઋષિદત્તાને લઈને કનકરથ પોતાના નગરમાં આવી ગયા હતા.

ઋષિદત્તા સાથે આખાયે રાજમહેલને પ્રીતિ થઈ ગઈ. સારા શહેરમાં તેની કીર્તિ પ્રસરી ગઈ. પરંતુ રુકિમણીના હૃદયમાં શત્રુતાની આગ સળગી રહી હતી. ઋષિદત્તાનો પરાભવ કરવા, તેને 'રાક્ષસી' ના રૂપમાં બદનામ કરવાનું ષડયંત્ર રચાયું, આને જ કહેવાય છે અભિનિવેશ.

રુકિમણીએ સુલસા નામની જોગણ સાથે દોસ્તી કરી. તે માંત્રિક હતી. તેણે સુલસાને કહ્યુ, "જ્યાં સુધી રાજકુમારને ઋષિદત્તા પ્રત્યે ગાઢ પ્રેમ છે ત્યાં સુધી તે મારી સાથે લગ્ન નહીં કરે. તેથી ઋષિદત્તા પ્રત્યેનો પ્રેમ તૂટી જાય-તેમ કરવું જોઈએ! સુલસાને અનેક પ્રલોભન આપી. ઋષિદત્તાને કલંકિત કરવા માટે મોકલી. પોતાની મંત્રશક્તિથી દરરોજ શહેરમાં એક-એક માનવીની હત્યા કરવાનું સુલસાએ શરૂ કર્યું. બીજી બાજુ ઋષિદત્તાનું મુખ લોહીથી રંગવા લાગી. તેના તકિયા પાસે માંસના ટૂકડા રાખવા લાગી. આથી તે એમ સિદ્ધ કરવા માંગતી હતી કે ઋષિદત્તા દરરોજ એક મનુષ્યની હત્યા કરી, માંસ ખાય છે અને લોહી પીવે છે. આ ઋષિકન્યા રાક્ષસી છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

તેનું ષડયંત્ર સફળ નીવડયું. રાજકુમારની સમજમાં આવી ગયુ હતું કે ઋષિદત્તાને બદનામ કરવા કોઈ દૈવી પ્રયોગ થઈ રહ્યા છે. કેમકે ઋષિદત્તા કંદમૂળ પણ ખાતી ન હતી, રાત્રિ-ભોજન પણ કરતી ન હતી અને માંસાહાર પણ કદી કરતી ન હતી. તેની સંપૂર્ણ નિર્દોષતા તેની આંખોમાં દેખાતી હતી.

પરંતુ રાજા હેમરથે ગુપ્તચરો દ્વારા તપાસ કરાવી અને ઋષિદત્તાનું મુખ લોહીથી ખરડાયેલું જોયું. તકિયા પાસે માંસના ટુકડા જોયા. તેથી ઋષિદત્તાને રાક્ષસી જણાવી જલ્લાદોને સોંપી દીધી. સારા નગરમાં રાક્ષસી જણાવી ફેરવવામાં આવી. પછી જલ્લાદો તેને સમશાનમાં લઇ ગયા જો કે જલ્લાદોએ તેનો વધ ન કર્યો. તે બચી ગઇ. પરંતુ એક વાર તો રુકિમણીનું ષડયંત્ર સફળ થઈ ચૂકયું, જ્યારે સુલસા જોગણે જઇને રુકિમણીને સફળતાના સમાચાર આપ્યા ત્યારે તેને કેટલી ખુશી થઈ હશે ?—આ છે અભિનિવેશ.

ત્યારબાદ રુકિમણી સાથે રાજકુમારની શાદી થઈ. પરંતુ રુકિમણીના મુખથી ષડયંત્ર ખુલ્લું થઈ ગયું. રાજકુમારે તેને ધિક્કાર દીધો અને પોતે અગ્નિસ્નાન કરવા તૈયાર થઈ ગયો. આ સમયે યોગીના રૂપમાં રહેલી ઋષિદત્તા પ્રગટ થઈ. તેણે રાજકુમારને સમજાવી, રુકિમણીને ક્ષમા અપાવી. ઋષિદત્તાના મનમાં કોઈ અભિનિવેશ ન હતો. જાતે જ ઋષિદત્તાએ રુકિમણીને ક્ષમા આપી દીધી. અને પોતાની બહેન બનાવી સાથમાં લીધી. રુકિમણી તેની ઉદારતા, ક્ષમા, શીલતા જોઈ ચકિત બની ગઈ. તેનો ખૂબ આભાર માનવા લાગી.

આપે જગદીશચંદ્ર બોઝનું નામ તો સાંભળ્યું છે ને? ભારતના આ વૈજ્ઞાનિકે 'વનસ્પતિમાં જીવ છે'—એ સિદ્ધાન્ત વિજ્ઞાન દ્વારા સિદ્ધ કરેલ. તેમના પિતાશ્રી ભગવાનદાસ હતા, તેઓ શાન્ત પ્રકૃતિવાળા હતા, ન્યાયનિષ્ટ અને નીતિ યુક્ત વ્યવહારવાળા હતા. લોકોમાં-ગામમાં તેમની પ્રતિષ્ટા હતી. લોકો તેમની પ્રશંસા કરતા. તે ગામના એક પુરૂષને તેમની પ્રશંસા સાંભળીને તાવ આવી જતો. ભગવાનદાસે તેમનું કશું બગાડયું ન હતું. તેમજ કોઇ દિવસ તેના પ્રત્યે કડવું વચન પણ ઉચ્ચાર્યું ન હતું, છતાં પણ તે ભગવાનદાસ પ્રત્યે ઈર્ષાથી જલતો હતો.

ઈર્ષાની પાપવૃત્તિ પ્રબલ બનતી ગઈ. ભગવાન-દાસને બરબાદ કરવાનો અવસર શોધવા લાગ્યો. એક દિવસ જ્યારે સાંજ પડી અને અંધારૂં પૃથ્વી પર છવાઇ ગયું ત્યારે તેણે ભગવાનદાસના ઘરને આગ ચાંપી. ઘર સળગવા લાગ્યું. ભગવાન-દાસ પરિવાર સાથે બાહર નીકળી ગયા. લોકો દોડતા આવ્યા. આગ બુજાવવાના પ્રયત્નો કરવા લાગ્યા. ગામના લોકો દુઃખી બની ગયા. બધાંજ અંદર અંદર ચર્ચા કરવા લાગ્યા. કોણે આગ ચાંપી હશે? આવા મહાત્મા પુરુષના ઘરને આગ લગાવનાર કોણ હશે? જો તે માલુમ પડે તો તેને જ આગમાં ફેંકી દઇએ. લોકોમાં રોષ વધતો ચાલ્યો. ભગવાનદાસ સળગતા ઘર સામે પરિવાર સાથે શાંત ઉભા હતા. સહાનુભૂતિ બતાવનાર લોકોએ એમને પૂછયું, "આપને જે વ્યક્તિ પર શક હોય તેનું નામ બતાવો. અમે તેને એવી શિક્ષા આપશું કે ફરીવાર આવું કુકર્મ કરવાને તે જીવતો નહીં રહે. ભગવાનદાસે કહ્યું, "ભાઇઓ! આપ તે વ્યક્તિ માટે આવું કેમ વિચારો છો! તેને તો આજે કેટલી ખુશી થઈ હશે? કેટલાય દિવસથી તે આગ લગાડવાનું વિચારતો હશે? આજે તેની ઇચ્છા પૂર્ણ થઈ. તેને કોઈ સજા ન કરતા, ભગવાન મારી પરીક્ષા કરી રહ્યા છે. મારે તે પરીક્ષામાં ઉત્તીર્ણ થવાનું છે. અપરાધીને જે ક્ષમા આપે છે તે ભગવાનની પરીક્ષામાં ઉત્તીર્ણ થાય છે.

જે વ્યક્તિએ અભિનિવેશમાં આવી આ દુષ્ટ કાર્ય કર્યું હતું તે વ્યક્તિએ ત્યાં આવી ભગ-દાસના ચરણમાં પડી ક્ષમા માગી. તેને પોતાના અન્યાય પૂર્ણ કુકૃત્યનો ઘોર પસ્તાવો થયો.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

**ભગવાનદાસ બસુનો અભિનિવેશ ત્યાગ કેટલો** અદ્‌ભુત હતો ! તેણે ઘર સળગાવનારને કહ્યું, " ભાઈ ! તું તારે ઘેર ચાલ્યો જા. કોઈને કહેતો નહીં કે મેં ઘરને આગ ચાંપી હતી; અન્યથા લોકો તારી હત્યા કરી દેશે. મારૂં ઘર સળગી જવાથી મને દુઃખ નથી; કેમકે મેં ઘરને કદી મારૂં માન્યું જ ન હતું. તને જો કોઈ કષ્ટ આપશે તો મને દુઃખ થશે.

જો ભગવાનદાસ ઇચ્છેત તો તેનો ઘોર પરાભવ કરી શકત. તેની હત્યા પણ કરાવી શકત. અથવા પોલિસને સોંપી પણ શકત. પરંતુ તેમના સ્વભાવમાં આવી કોઈ વાત ન હતી.

'અરિહંત'ના સૌજન્યથી

**તા. ક. :** જે લોકો નિર્દોષ છે, નિરપરાધી છે તેમનો પરાભવ કરવાની કે બદનામ કરવાની ભાવના ખૂબજ બુરૂં કામ છે. પરાભવ કરવા માટે અન્યાયપૂર્ણ તરકીબો અપનાવવી-તે અધમમાં અધમ કામ છે. આવા કાર્યો કરનારનું મન સતત્ અશાંત ઉદ્વિગ્ન અને ભયભીત રહે છે. તેમના પરિવારના લોકો પણ પરેશાન રહે છે. કોઇ કોઇ વાર આવા ષડયંત્રમાં પૂર્ણ પરિવાર નષ્ટ બને છે. પારિવારિક સંબંધ નષ્ટ પામે છે. સદ્‌ગૃહસ્થમાં અભિનિવેશ ન જોઈએ.




## પ્રગટ થઈ ચૂકેલ છે

**સુમતિનાથ ચરિત્ર ભાગ–૧ લો** તથા **શ્રી સુમતિનાથ ચરિત્ર ભાગ–૨ જો** જેની મર્યાદીત નકલો હોવાથી તાત્કાલિક મંગાવી લેવા વિનંતી છે. અને તે બન્ને ભાગો મૂળ કીંમતે આપવાના છે.

**શ્રી સુમતિનાથ ચરિત્ર ભાગ–૧ લો** ( પૃષ્ઠ સંખ્યા–૨૨૪ ) કીંમત રૂપિયા પંદર.

**શ્રી સુમતિનાથ ચરિત્ર ભાગ–૨ જો** (પૃષ્ઠ સંખ્યા–૪૪૦) કીંમત રૂપિયા પાંત્રીશ.

—: સ્થળ :—

**શ્રી જૈન આત્માનંદ સભા**

ઠે. ખારગેટ : **ભાવનગર** : ( સૌરાષ્ટ્ર )

**તા. ક. :** બહારગામના ગ્રાહકોને પોસ્ટેજ ખર્ચ અલગ આપવાનો રહેશે.




For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# "જીવદયા ઉપર ભીમ અને સોમની કથા"

લેખક : પ.પૂ૦ આ.શ્રી કૈલાસસાગરસૂરિજી મ. સા. ના શિષ્યરત્ન
મુનિશ્રી નીતિસાગરજી મહારાજ સાહેબ

( ગતાંકથી ચાલુ )

કહ્યું છે કે, "નીતિમાં નિપુણ પુરૂષો, નિંદા કરો અથવા સ્તુતિ કરો, લક્ષ્મી પ્રાપ્ત થાઓ અથવા તેની ઇચ્છા પ્રમાણે ચાલી જાઓ, આજે જ મરણ થાઓ અથવા બીજા યુગમાં મરણ થાઓ, તો પણ ધીર પુરૂષો આર્ય પુરૂષોના માર્ગથી ચલાયમાન થતા નથી."

અજ્ઞાની મનુષ્યો કાંઇક નિમિત્તને પામીને તત્કાળ પોતાના ધર્મમાર્ગને છોડી દે છે, પરંતુ તપ શ્રુત અને જ્ઞાનરૂપી ધનવાળા સત્પુરૂષો મોટું કષ્ટ આવ્યા છતા પણ વિક્રિયા પામતા નથી."

આ પ્રમાણે વિચાર કરી તે સત્વવાળો સોમ, મૃગોને લીધા વિના નગરમાં આવી, 'આજે મૃગનો લાભ થયો નહીં' એમ રાજાને ઉત્તર આપીને પોતાને ઘેર ગયો. રાજાએ ભીમનું લાવેલું માંસ કંઠપર્યંત ખાધું અને તેના પર તુષ્ટમાન થઈ તેને પૂછ્યું કે- "સોમ મૃગોને કેમ ન લાવ્યો?" ત્યારે તેણે ઇર્ષાથી સત્ય હકીકત કહી. તે સાંભળીને રાજાએ ગુસ્સે થઈને કહ્યું, કે- "હે ભીમ! તું મારા સુભટો લઇને જા અને મારી આજ્ઞાનો લોપ કરનાર તે સોમને શીઘ્ર હણી નાખ, હું તને એક શ્રેષ્ઠ ગામ આપીશ." આ પ્રમાણે સાંભળી ગામના લોભથી ભીમ, રાજાએ હુકમ કરેલા સુભટોની સાથે આયુધ ઉંચાં કરી સોમને હણવા તેને ઘેર ગયો. તેટલામાં પ્રથમથી શંકાવાળો સોમ કોઇ મનુષ્ય પાસેથી તેને આવતો જાણી પર્વત પર નાસી જવા માટે નગરની બહાર નીકળી ગયો. સુભટોથી પરિવરેલો ભીમ પણ તેની પાછળ દોડયો અને નજીકમાંજ ભયથી વિહ્વળ થયેલા સોમને નાસતો જોયો એટલે "અરે દુષ્ટ! ઉભો રહે. યમરાજ જેવો રાજા ક્રોધાયમાન થયેલો છે તેથી તું કેટલી ભૂમિ આગળ જઈ શકીશ? તું હણાયો જ છે એમ સમજ. અને હમણાં જ તારી ભેળા થઈ જઈશું," ઇત્યાદિક ભીમ વગેરે સુભટોના સમુહથી કર્ણકટુક વાણી સાંભળી ભયથી મનમાં વ્યાકુળ થયેલો સોમ વિશેષ કરીને શીઘ્રપણે નાસવા લાગ્યો, તેટલામાં અકસ્માત માર્ગમાં ચોતરફ ચળ અને અચળ ( ઉપર નીચે થતી ) ઘીચોઘીચ રહેલી અત્યંત સૂક્ષ્મ એવી લાખો દેડકીઓ તેના જોવામાં આવી. તે જોઈ દયાળુ સોમે વિચાર કર્યો કે- 'જો હું શીઘ્રપણે પર્વત પર જઇશ, તો આ સુભટો મને ગ્રહણ કરી શકશે નહીં. કારણકે આ પર્વતનો વિષમ અને ઉંચો પ્રદેશ અહીં નજીકમાં જ છે. પરંતુ શીઘ્ર ચાલવાથી મારા પગવડે આ દેડકીઓ મરી જશે. માટે અંગીકાર કરેલા વ્રતને તો પ્રાણનો ત્યાગ થાય તો પણ હું તજીશ નહીં. "ઈત્યિાદિક વિચારીને સાગારી અનશન ગ્રહણ કરી તે સાત્વિક સોમ કાર્યોત્સર્ગવડે ત્યાંજ સ્થિત થઈ પરમેષ્ઠીના ધ્યાનમાં રહ્યા. તેટલામાં ભીમ વિગેરે ક્રૂર સુભટો તેની પાસે આવી પહોંચ્યા. અને તેને હણવાની ઈચ્છાથી તેના પર તેઓએ વિવિધ પ્રકારના શસ્ત્રોના



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પ્રહારો કર્યા. પરંતુ તેના શરીર ઉપર એક પણ શસ્ત્રોનો પ્રહાર લાગ્યો નહીં ઉલટી આકાશમાંથી તેના પર પુષ્પની વૃષ્ટિ થઈ અને આકાશમાં દંદુભિનો શબ્દ થયો. આવી હકીકત જોઈ તેઓ હૃદયમાં વિસ્મય પામ્યા, તેટલામાં તેમના મસ્તક પર ચોતરફથી પથ્થરો પડવા લાગ્યા. તે પથ્થરોથી હણાતા તેઓ આક્રંદ કરતા અને ભયથી વિહ્વળ થયા છતા એકદમ પાછા વળીને ગામ ભેગા થઈ ગયા અને તે વૃત્તાંત યથાર્થપણે રાજાને કહ્યા. ત્યારપછી દેદીપ્યમાન શરીરવાળી કોઈ દેવી સોમની પાસે આવી. અને તેના ધર્મથી તૃષ્ટમાન થયેલી તે સર્વ દેડકીઓને હરી લઈ બોલી કે– "હે વીર! કાયોત્સર્ગને પારી લે. મેં આ દેડકીઓ દેખાડીને તારા અંગીકાર કરેલા વ્રતની–સ્થિરતાની પરીક્ષા કરી છે. પ્રાતઃકાળે તને રાજ્ય મળશે. હમણા તુ અહીં નજીકમાં મુનિ છે તેની પાસે જા. રાત્રિએ ત્યાં જ રહેજે. આ પ્રમાણે કહીને દેવી અદશ્ય થઈ.

ત્યારપછી આ સઘળો વૃતાંત જાણી હર્ષથી વ્યાપ્ત થયેલો સોમ કાયોત્સર્ગ પારીને અહીં આવી મને નમ્યો. પછી જ્યારે રાત્રી થઈ ત્યારે વિસ્મય પામેલા તે સોમે મને પૂછયું કે– "હે ભગવાન! મને જીવિત આપનારી તે દેવી કોણ હતી?" મેં ઉત્તર આપ્યો કે– "તે આ ગુફાની અધિષ્ઠાયિકા દેવી છે. મારા ઉપદેશથી તે ધર્મ પામી છે. તે મારા પર ઘણી ભક્તિ રાખે છે તમે બંનેએ ધર્મ અંગીકાર કર્યો તે વાત જાણીને તેણીએ મને પૂછયું હતું કે "હે ભગવાન! શું આ બન્ને પુરૂષો અંગીકાર કરેલા ધર્મને બરાબર પાળશે?" મેં કહ્યું કે– "પહેલો (ભીમ) ધર્મની વિરાધના કરશે. અને બીજો વ્રતનો આરાધક થશે." ત્યારપછી આજે અવસર મળવાથી તે દેવીએ તારી પરીક્ષા કરી અને તે તારા પર પ્રસન્ન થઈ" આ પ્રમાણે સાંભળી સોમ હર્ષિત થયો. પછી મેં કહેલા વિવિધ પ્રકારના જીવાદિકના વિચારોને સાંભળી હૃદયમાં ધારણ કરી તેણે રાત્રી નિર્ગમન કરી.

(ક્રમશઃ)

## ક્ષમા યાચના

આ માસિક અંકમાં કોઈ અશુદ્ધિ રહી ગઈ હોય અથવા કોઇ ક્ષતિ મુદ્રણ દોષ હોય તો તે માટે મનસા, વચસા, મિચ્છામિ દુક્કડમ્. તંત્રી.


**श्री हेमचन्द्राचार्य कृतम् प्राकृत व्याकरणम् ( अष्टमोऽध्यायः )**

શ્રી જૈન આત્માનંદ સભાનું પ્રકાશન-૯૪મું રત્ન છે. સાચા અર્થમાં તે રત્ન જ છે કેમકે તેના વિવિધ કારણો પ્રાકૃત ભાષાના અભ્યાસીને પુનિત ભાષાથી પ્રકાશિત કરે છે. પ્રાચીન પ્રાકૃત ભાષાના વ્યાકરણોમાં આ પુસ્તકનું અદ્વિતીય સ્થાન છે. અર્વાચીન વિદ્વાનોએ આ પુસ્તકને બીરદાવ્યું છે. અભ્યાસીને સંપૂર્ણ જ્ઞાન મળે અને તુલનાત્મક અભ્યાસ થાય તે માટે આ પુસ્તકમાં નવ Appendices આવેલ છે. જર્મન જેવા દેશમાં તેમજ મહાન વિદ્યાપીઠોની માંગ સારી છે. તેજ તેનું મૂલ્યાંકન છે.

Price Rs. 25–00 Dolar 5–00 Pound 2–10

: પ્રાપ્તિસ્થાન :

**શ્રી આત્માનંદ સભા** ખારગેઇટ, **ભાવનગર.**




For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# વસુદેવ હિણ્ડી ( હિન્દી )

લે. પ. પૂ. સંઘદાસ ગણિ.

( ગતાંકથી ચાલુ )

બીજે દિવસે મધ્યાન્હ સમયે એક મેદાન પર જઈ રહ્યો હતો. મારી બાજુમાંથી એક ગાડી પસાર થઈ. તે ગાડીમાં એક વૃદ્ધા સાથે એક તરૂણી બેઠી હતી. કદાચ તે શ્વસુરના ઘરેથી પિતાના ઘર જતી હતી. મારા ઉપર તેની દૃષ્ટિ પડી. તણે વૃદ્ધાને કહ્યું, "માં, આ બ્રાહ્મણ બાળકનો દેહ માખણ જેવો સુકુમાળ છે. જણાય છે કે તે થાકેલ છે. જો આપણે તેને ગાડીમાં લઈએ તો આપણી સાથે તે પણ આનન્દપૂર્વક જઈ શકશે." તે વૃદ્ધાએ બૂમ પાડી મને કહ્યું, "વત્સ, આમ શા માટે ફોગટ પગ પર ચાલે છે? અમારી ગાડીમાં આવી જાઓ."

હું પણ તેમજ ઈચ્છતો હતો. ગાડીમાં મુસાફરી કરવાથી, પકડાઈ જવાની શકયતા ઓછી હતી. તેથી જવાબ આપ્યા વગર, ગાડી પર જઈ બેઠો. સંધ્યા સમય પહેલાં જ અમે તેમને ગામ પહોંચ્યા. મેં સ્નાન, ભોજન તેમને ત્યાં પતાવ્યા.

તેમના ઘર પાસે જ એક યક્ષનું સ્થાન હતુ ત્યા સંધ્યા સમય બાદ ગામના લોકો મળતા. ગામ કથા થી માંડી રાજનીતિ, ધર્મનીતિ સુધી આલોચના થતી. શહેરના નવાજુની જાણવા માટે સ્નાન, ખાન પતાવી તે સ્થળ પર હું ગયો. જોયું તો તેઓ મારીજ વાત કરતા હતા. રાજકુમાર વસુદેવ કાલ સંધ્યા સમયે અગ્નિ પ્રવેશ કર્યો. તેની ચિતા પ્રથમ તેના નોકર વલ્લભે જોઇ, જોતાંજ તેણે રુદન શરૂ કર્યું. લોકોએ તેને રડવાનું કારણ પૂછ્યું, ત્યારે તેણે કહ્યું, "લોકોએ કુમાર પર અભિયોગ લગાવ્યો. તેથી દુઃખી બની તેમણે અગ્નિ પ્રવેશ કર્યો. તે સાંભળી, લોકો પણ રડવા લાગ્યા. આ રીતે ચારે બાજુ રોકકળ શરૂ થઈ ગઈ. છેવટે આ સમાચાર અંતઃપુરમાં પહોંચ્યા. કુમારના વડીલ ભાઈઓ સ્મશાનમાં આવ્યા. ત્યાં તેમને વસુદેવ પોતાનો લખેલ પત્ર હાથ લાગ્યો. ત્યારે તેમણે તે ચિતા વિખેરી, ચંદન કાષ્ઠની નવી ચિતા બનાવી, અંત્યેષ્ટિ ક્રિયા કરી.

આ સાંભળી મેં શાંતિનો શ્વાસ લીધો. પરંતુ તે સાથે ભયભીત બન્યો. શાંતિ તો એટલે મળી ભાઈઓએ મારા મૃત્યુને સત્ય માની લીધું છે અને હવે તેઓ તપાસ નહિ કરે. ભય તો તેથી લાગ્યો કે આ લોકો મને ઓળખી જશે તો?

તેથી ત્વરાથી તે સ્થાન છોડી હું ઘરે આવ્યો રાત્રિ ત્યાં વીતાવી. બીજે દિવસે સવાર પડે તે પહેલાં મેં સ્થાનનો ત્યાગ કર્યો,

આ પ્રકારે પરિભ્રમણ કરતો હું ખેડબ્રહ્મા પહોંચ્યો, નગરમાં પ્રવેશતાંજ એક વૃક્ષ પર બે આદમી બેઠેલા જોયા. મને જોતાંજ તેઓએ કહ્યું, "ભાઇ, આ વૃક્ષ નીચે થોડો સમય વિશ્રામ કરો" તે સાંભળી હું વિસ્મય પામ્યો અને વૃક્ષ નીચે જઇને ઉભો રહ્યા. તેમણે મને પૂછ્યું, "ભાઈ આપનું નામ શું? આપ કયાંથી આવો છો?

મેં ટૂંકમાં ઉત્તર આપ્યો, "જાતિથી બ્રાહ્મણ છું. મારું નામ ગૌતમ છે. કુશાગ્રપુરથી વિદ્યાભ્યાસ માટે અહીં આવલ છું. પણ તમે લોકો મને આ બધું કેમ પૂછો છો?" તો સાંભળો"



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

એમ કહી વૃક્ષ પરથી નીચે આવ્યા. તેઓ બોલ્યા, “અહીંના રાજાનું નામ જિતશત્રુ છે. તેમને બે પુત્રી છે. વિજ્યા અને શ્યામા બંને છે સુંદર અને કલાવતી. જ્યારે રાજાએ તેમના સ્વયંવરની વાત છેડી ત્યારે તેઓએ કહ્યું, ‘જે કોઈ અમને નૃત્ય–ગીતમાં હરાવશે તેમને અમે વરશું. તે સાંભળી રાજાએ ચારે બાજુ લોકોને મોકલ્યા. જો કોઈ તરુણ રૂપવાન અને નૃત્ય–ગીતમાં પ્રવીણ હોય તો મારી પાસે લઈ આવો. રાજાની આજ્ઞાથી અમે અહીં રહીએ છીએ. આપ તરુણ છો રૂપવાન પણ છો. જો આપ નૃત્ય–ગીતમાં નિપુણ હો તો અમારૂં કાર્ય સફળ બને.

મેં કહ્યું, જરૂર, જરૂર મેં કુલાચાર્ય પાસે સારી રીતે નૃત્ય–ગીતનું શિક્ષણ લીધું છે.

તે સાંભળી, તેઓ મને નૃપતિ પાસે લઈ ગયા. મને જોઈને રાજા પ્રસન્ન થયા અને મારૂં સ્વાગત કર્યું.

મારી પરીક્ષા વખતે મેં રાજકુમારીઓને જોઇ–ખરેખર તેઓ સુંદર હતી. તેમના વાળ શ્યામ અને રેશમથી પણ મુલાયમ હતા. નેત્ર હતા વિશાળ. હોઠ હતા કિસાલય સરખાં. હાથ હતા મૃણાલ તુલ્ય. ઉરોજ હતા માંસલ અને ઉન્નત. કટિ પાતળી અને મુષ્ટિ ગ્રહણ કરવા યોગ્ય. શ્રેણિ મંડળ ચક્રાકાર. પગ હતા સૂર્યરશ્મિથી વિકસીત કમલ સરખાં. કંઠ હતો આમ્રરસ પીનાર કોયલ સરખો મધુર. બન્ને કલામાં હોંશિયાર હતી, છતાં મેં તેમને પરાજય આપ્યો. મારો વિજય થયેલો જાણી, રાજાના આનન્દની સીમા ન રહી. એક શુભ દિવસે રાજાએ મારી સાથે બન્નેના લગ્ન કરી દીધા. હું બન્ને સાથે આનન્દમાં દિવસો પસાર કરતો હતો.

ધીમે ધીમે તેમને જાણ થઈ કે હું યુદ્ધ વિદ્યામાં પણ પારંગત છું. ત્યારે તેમણે મને પૂછયું, “આપ જાતીથી બ્રાહ્મણ છો તો યુદ્ધ વિદ્યાનું આપને શું પ્રયોજન?

મેં કહ્યું, “કોઈ માટે, કોઈ વિદ્યા શીખવી તે અપરાધ રૂપ નથી.”

જ્યારે પરિચય ઘનિષ્ટ બન્યો ત્યારે તેમનાથી કોઈ વાત છૂપાવવી મને ઠીક ન લાગી. મેં ગૃહત્યાગથી માંડીને તમામ વાત કરી દીધી.

હું દશાર્હ ભાઇઓમાંનો એક વસુદેવ છું ત્યારે તેમના દેહમાં આનંદ લહરી ફરી વળી. ત્યારે તેઓ મને આમ્રવલ્લરીથી પણ અધિક મનોહર લાગી.

સમય જતાં વિજ્યા ગર્ભવતી બની. તેનો દોહદ પૂર્ણ થતાં તેણે એક પુત્રને જન્મ આપ્યો, તેનું નામ પાડયું અક્રૂર, આ રીતે વિજયખેડામાં મારૂં એક વર્ષ વીત્યું.

એક વખત ઉદ્યાનમાંથી પાછો આવતો હતો ત્યારે એકાએક મારે કાને બે વ્યક્તિઓની વાત પડી. એક બીજાને કહેતા હતા–કેવું આશ્ચર્ય-જનક! સરખા છે.

કોની સમાન?

અરે કુમાર વસુદેવ સમાન.

આ સાંભળી મને ચિંતા થઇ–હવે વિજય ખેડામાં એક ક્ષણ પણ રહેવું મારે માટે ઉચિત નથી. એજ વિચારમાં હું ઘરે આવ્યો.

મેં સારીયે વાત વિજ્યા અને શ્યામાને જણાવી. તેમની અનુમતિ મેળવી, વિજય ખેડાનો ત્યાગ કરી પ્રયાણ કર્યું. ઉત્તર તરફ જાતાં જાતાં હું હિમાલય સન્મુખ આવી પહોંચ્યો. હવે ઉત્તર તરફ આગળ વધવું શકય નહતું. તેથી પૂર્વ દેશ તરફ જાવાની ઇચ્છાથી હું કુજરાવર્ત અરણ્ય-માં પ્રવેશ્યો. દીર્ઘ પંથ કાપવાથી હું ખૂબ થાકેલ અને તૃષાર્ત હતો. જળાશય નજરે પડયું. તેનું પાણી સ્ફટીક જેમ સ્વચ્છ અને કમળદલથી સુશોભિત હતું. કેટલાંય પશુ–પક્ષીઓએ નજીકમાં પોતાના ઘર બનાવી લીધા હતા.

ત્યારે મેઘ સમાન કાળા હાથીઓનું ટોળું



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જળાશય તરફ આવતું મેં જોયું. તે જળમાં ઉતર્યું. પાણી પીધા પછી આલ્હું ગયું.

હું પણ પાણીમાં ઉતરી સ્નાન કરવા લાગ્યો. ઠીક સમય બાદ જેના ગંડસ્થળમાંથી મદ ઝરતો હતો તેવો પર્વત સમાન વિશાળ હાથી ત્યાં આવ્યો. તેની પાછળ પાછળ એક હાથણી પણ આવતી હતી. હાથીની મદ-ગન્ધ ચોમેર ફેલાતી હતી. મને તો ગન્ધ એટલી સરસ લાગી કે હું હાથી તરફ મુગ્ધ બની જોઈ રહ્યો. તેણે પણ મને જોયો હશે, મને જોતાં તે ક્ષીપ્ત બની મારા પર આક્રમણ કરવા જળમાં ઉતર્યો. પાણીમાં રહી તેની સાથે યુદ્ધ કરવું ઉચિત નહીં લાગવાથી હું કિનારા પર ચઢી ગયો. મારો ઉદ્દેશ તેને વશ કરવાનો હતો. મારી પાછળ પાછળ હાથી પણ કિનારા પર આવ્યો. તેની સૂંઢથી યોગ્ય અંતરે રહી હું તેને મુષ્ટિપ્રહાર કરવા લાગ્યો. ખૂબ સમય બાદ સહન કરતાં કરતાં જ્યાર તે થાકી ગયો ત્યારે હું તેને બકરીના બચ્ચા માફક આમતેમ ઘુમાવવા લાગ્યે, જો કે તેનું શરીર વિશાલ હતું, છતાં કોમળ હતું. જ્યારે તે બહુ થાક્યો ત્યારે તેના તરફ ઉત્તરીય ફેંકયુ. તેનાજ દંતુશળ પર પગ રાખી, મસ્તક પર જઈ બેઠો.

હવે તે સંપૂર્ણતઃ મારે વશ બન્યો હતો. મેં તેની પાસેજ મારૂં ઉત્તરીય ઉંચકાવ્યું. આ જ સમયે, મારા બે હાથ પકડીને મને શૂન્યમાં ઉઠાવનાર અને આકાશ માર્ગ પર ધસનાર કોણ હતો- તે હું ન જાણી શકયો.

આશ્ચર્ય સમાપ્ત થતાં મને વિચાર આવ્યો, શું મને ઉઠાવનાર વ્યક્તિ મારા કરતાં વધુ બળવાન છે? જેવી મેં મારી નજર તેની નજરમાં ખોડી કે તરતજ તેણે દૃષ્ટિ નીચી કરી લીધી. મને સમજાયું કે મારા કરતાં તે વધુ બળવાન નથી. અને એમ પણ જણાયું કે તે મારા પ્રત્યે સ્નેહ પરાયણ અને મૈત્રીભાવ ધરાવનાર છે. તેથી મેં વિચાર્યું કે જ્યાં સુધી તે મારૂં અનિષ્ટ ન કરે ત્યાં સુધી હું પણ તેનું અનિષ્ટ નહિ કરૂં.

એક પર્વત પર પહોંચી મને નીચે ઉતાર્યો. પછી મને પ્રણામ કરી બતાવ્યું કે તેનું નામ પવનવેગ અને અંશુમાલી છે. આ પ્રમાણે કહી જલ્દીથી તે ત્યાંથી ચાલ્યો ગયો.

તેના ગયા બાદ, થોડી વાર પછી મધ્યમ વયની એક સ્ત્રી આવી, અને જણાવ્યું કે તે રાજા અશનિવેગની પુત્રી શ્યામલીની સેવિકા છે. તેનું નામ હતું મત્તકોકિલા તેણે મને જણાવ્યું કે રાજાના મંત્રી પવનવેગ મને પકડીને અહીં લાવેલ છે. "આપ કોઈ બીજો વિચાર ન કરશો. રાજા આપની સાથે રાજકન્યા શ્મામલીના વિવાહ કરવા ઇચ્છે છે." એમ કહી તે રાજકન્યાના રૂપનું વર્ણન કરવા લાગી. પણ તેની વાત પૂર્ણ થાય તે પહેલાં નજીકમાં રહેલ કૂવામાં આકાશમાંથી સરિ સૃપ જાતિનું કોઈ જંતુ પડયું. મેં વિચાર્યું એ સાપ છે કે કોઇ વિદ્યાધરી?

મારા મનની વાત જાણી મત્તકોકિલા બોલી ઉઠી, તે સર્પ નથી. આ કૂવાનું પાણી જેટલું સ્વાદિષ્ટ છે તેટલું જ સ્વાસ્થ્ય આપનારૂં છે. કોઈ જતું ત્યાં ન જઇ શકે તે માટે તેમાં ઉતરવાને મર્મર પથ્થરની બનાવેલી સીડી છે. આપ જો તે જળ પીવા ઇચ્છતા હો તો હું આપને ત્યાં લઈ જાઉં.

જાવાની ઈચ્છા મેં પ્રકટ કરી કે તરતજ તે મને ત્યાં લઈ ગઈ. હું તૃષાતુર તો હતો. તેથી અમૃત સમાન જળનું આકંઠ પાન કર્યું.

જેવો હું કૂવામાંથી બહાર આવ્યો કે તરતજ અશનિવગ રાજાના અનુચરો આવી પહોંચ્યા.

તેમના હાથમાં સ્નાનદ્રવ્ય, વસ્ત્રો, અલંકારો હતા. નગર દ્વાર પાસે અંતપુરની રક્ષિકા કલહંસીને જોઈ. તેણી તથા બીજી સંગિનિયોએ મને સ્નાન કરાવી અલંકારો પહેરાવ્યા. પછી મને રાજા પાસે લઇ આવી. મેં અશનિવેગને નમીને પ્રણામ કર્યા. તેણે મને આલિંગન કરી સિંહાસન



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પર બેસાડયો, પછી એક શુભ દિવસે પોતાની કન્યા શ્યામલીને મારા હાથમાં સોંપી દીધી.

વાસર શય્યાપર શ્યામલીએ એક વરદાન માંગ્યુ. મેં કહ્યું, "તમારે માટે કોઈ પણ વસ્તુ અદેય નથી. તમે શું વરદાન ઇચ્છો છો ?"

તે બોલી, "વરદાનમાં એ આપો કે હું હંમેશ તમારી સાથે જ રહું."

મેં કહ્યું, "એ વરદાન મારે મેળવવાનું છે, તમારે નહીં."

તે કહેવા લાગી, "તેનું કારણ છે આપ સાંભળો."

વૈતાઢય પર્વતના દક્ષિણ ભાગમાં કિન્નરગત નામે નગર છે. સૂર્યથી પણ અધિક પ્રતાપી ચર્ચમાલી ત્યાં રાજ્ય કરે છે, તેનાથી રાણી પ્રભાવતીને બે પુત્ર થયા છે. તેમના નામ અશનિવેગ અને જવલનવેગ. અશનિવેગને એક કન્યા છે તે કન્યા તે હું. મારી માતાનું નામ સુપ્રભા.

એકવાર વૈતાઢય પર્વતના શિખર વિભાગ પર ફરતાં ચર્ચિમાલી પત્ની સહિત નગર ઉદ્યાનના વૃક્ષ નીચે આંવી બેઠાં. જ્યારે તે ત્યાં વિશ્રામ કરતાં વાતચીતમાં મગ્ન હતા ત્યારે દૂર એક હરિણને બેઠેલું જોઇ, અર્ચિમાલીએ તીર ફેંકયું. હરણ બેઠું હતું તેમ બેઠું રહ્યું પણ તીર પાછું ફરી તેની પાસે આવ્યું. તેથી વિસ્મય પામી જેવું તે બીજું તીર છોડવા ગયા કે તરતજ અંતરિક્ષમાં અવાજ થયો–ચારણ મુનિ નન્દ અને સુનન્દ કુંજ વિતાનમાં ધ્યાન કરી રહ્યાં છે. તમે તેની પાસે બેઠેલ હરણને જોયું પરંતુ મુનિઓ પોતાની આધ્યાત્મિક શક્તિથી અનેક જીવોનું રક્ષણ કરે છે. જો તે જીવોની હત્યા કરવાનો કોઈ પ્રયાસ કરશે અને તેથી મુનિ ગુસ્સે થશે તો દેવ પણ તેની રક્ષા કરવા અસમર્થ થશે. તેથી તેમની પાસે જઇ ક્ષમા યાચના કરો કે જેથી તમારૂં કોઇ અનિષ્ટ ન થાય.

તે સાંભળી અર્ચિમાલી ભયભીત થયા અને મુનિઓ પાસે ઉપસ્થિત થયા, પછી તેમને પ્રણામ કરી, કહ્યું, "હે પૂજ્ય મુનિવરો હું આપનો આશ્રિત છું. મેં હરણને મારવાની ચેષ્ટા કરી, તે માટે આપ મને ક્ષમા આપો."

તે સાંભળીને શ્રી નન્દ મુનિ બોલ્યા, જે કોઇ પ્રયોજન અગર પ્રયોજન વગર જીવ હત્યા કરે છે તે અધોગતિમાં જાય છે, અને દીર્ઘકાળ સુધી અસહાય બની દુઃખ ભોગવે છે. તેથી જીવ હિંસાથી વિરત બનો. આ રીતે તમે હિંસાથી બચી શકશો. જે કોઈ અપરાધીની પણ હત્યા કરે છે તે જાતે કરેલ પાપના સંચયનો ક્ષય કરી શકતા નથી. તે પરથી અનુમાન કરો જે નિર્દોષ છે અને કોઈ પ્રકારનું અનિષ્ટ કરતા નથી તેની હત્યાનું પરિણામ કેટલું ભયંકર હોય છે.

આથી અર્ચિમાલીને સંસાર પરથી તૃષ્ણા ચાલી ગઈ. તેમણે પોતાના મોટા પુત્ર જવલનવેગને સિંહાસન પર બેસાડી, પન્નાત્ત નામની વિદ્યાનું દાન કરી, પ્રવજ્યા ગ્રહણ કરી દેશ પરદેશમાં ભ્રમણ કરવા લાગ્યા.

ઘણાં દિવસો બાદ, તે નન્દ અને સુનન્દ મુનિ ફરીને કિન્નરગીત નગરીમાં આવ્યા. જવલનવેગ તેમને વંદન કરવા ગયો. તેમની પાસેથી ધન–ઐશ્વર્યની નશ્વરતા વિષે સાંભળીને સંસારથી વિરકત બન્યો.

તેણે પોતાના નાનાભાઈને બોલાવી કહ્યું, "હું દીક્ષા લઈશ. તેથી મારી પાસેથી રાજ્ય અગર પન્નત્તિ વિદ્યા લો."

મારા પિતાએ જવાબ આપ્યો, "કુમાર અંગારક હજુ બાળક છે. તેથી આપ મને આપવા ઇચ્છો છે તે લેવાનું મારે માટે ઉચિત નથી. આપ તેને પૂછી લો. જે તેને પસંદ હોય તે તેને લેવા દો."

ત્યારે અંગારકને બોલાવવામાં આવ્યો.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અંગારકને પૂછવામાં આવ્યું ત્યારે તેણે કહ્યું, "મારી માતા જેમ કહેશે તેમ કરીશ." માતાએ તેને વિદ્યા લેવાનું કહ્યું, કેમકે જે વિદ્યા મેળવશે તેને રાજ્ય પ્રાપ્ત થશે." તેથી માતાની શિખામણથી અંગારકે પન્નતિ વિદ્યા ગ્રહણ કરી.

મારા પિતાએ રાજ્ય ગ્રહણ કર્યું. પરંતુ જવલનવેગની પત્ની વિમલાભા પૂર્વ જેમ પ્રજા પાસેથી કર લેતી રહી. એક વખત, પ્રજાગણે મારા પિતા પાસે આવીને કહ્યું, "મહારાજા, અમે દેવી સુપ્રભાને કર દેવા ઇચ્છીએ છીએ, પરંતુ વિમલાભા તેમાં બાધા નાખે છે. અમારે માટે બન્ને સમાન છે. આપ બતાવો-અમે શું કરીએ?

વિમલાભાને બોલાવવામાં આવી, અને પ્રજા પાસેથી કર લેવાની મનાઈ કરી, પરંતુ તે બોલી, "હું પુત્રની માતા છું. તેથી આ કર મને જ મળશે."

સર્વે જનોએ સમજાવવા પ્રયત્ન કર્યો. પણ કોઇ પ્રકારે તે ન સમજી. એટલું જ નહિ પણ પોતાના પુત્રને તે પંથે દોર્યો. અંગારક પોતાના પ્રમોદ માટે પ્રજા પાસેથી મનગમતી ચીજો જબરદસ્તીથી લેવા લાગ્યો.

આ રીતે મારા પિતા અને અંગારક વચ્ચે વેરની વૃદ્ધિ થઇ, યુદ્ધમાં મારા પિતાને અંગારકે હરાવ્યા. તથા મારા પિતાને રાજ્ય છોડી ચાલ્યા જવું પડયું.

રાજા બન્યા બાદ અંગારકે મને બોલાવી અને કહ્યું, શ્યામલી તું કશી ચિંતા ન કર. તું ભાઇના ધનનો ઉપયોગ કર. તને કશા પ્રકારનો અભાવ નહિ રહે." (ક્રમશઃ)

## ભાવનગરે વોરાબજાર ગોડીજી પાર્શ્વનાથ દેરાસરની બાજુમાં

અત્રે ગોડીજી ઉપાશ્રયે ૧૦૮ ગ્રંથ રચયિતા યોગનિષ્ઠ બુદ્ધિસાગરસૂરીશ્વરજી મહારાજના સમુદાયના વર્તમાન ગચ્છાધિપતિ આ. ભ. શ્રી કૈલાસસાગર સૂરીશ્વરજી મ. સા.ના શિષ્યો તપસ્વી આ. ભદ્રબાહુસાગર સૂરીશ્વરજી તથા પૂ૦ મુનિશ્રી નીતિસાગરજી તથા ગણિવર્યશ્રી જ્ઞાનસાગરજીના શિષ્ય મુનિ વિનીતસાગરજી અત્રે ચાતુર્માસ વિરાજમાન છે.

અષાઢ શુદ રવિવારના ચતુર્માસ પ્રવેશ થયેલ. ત્યારથી પૂ૦ મુનિશ્રી નીતિસાગરજી મ.સા.ના સદ્‌ઉપદેશથી અનેકવિધ શુભ અનુષ્ઠાનો તપ-જાપ પૂર્વક થયેલ છે. તેમજ

પ્રવેશ દિવસે માંગલિક આયંબિલ થયેલ, તે દિવસથી અખંડ અઠ્ઠમતપ ચાલુ છે. સિદ્ધગિરિના સમુહ અઠ્ઠમ તથા શ્રી શંખેશ્વર પાર્શ્વનાથના ૭૨ કલાકના અખંડ જાપપૂર્વક સમુહ અઠ્ઠમ તથા બીજી અનેક તપશ્ચર્યાઓ સમુહ આરાધનાઓ થયેલ.

પર્યુષણા જેવા મહાપર્વમાં કર્મ ખપાવવા નિમીત્તે માસક્ષમણ, ૨૧ ઉપવાસ, ૧૬ ઉ., ૧૫ ઉ., ૧૧ ઉ., ૮ ઉ., વિગેરે અનેક તપસ્યાઓ તથા વીસસ્થાનકતપ, સિદ્ધિતપ અક્ષયનિધિતપ, વિગેરે અનેક તપસ્યાઓ થયેલ. આચાર્ય ભગવંતે વર્ધમાન તપની ઓળીની આરાધના કરેલ, તેની અનુમોદના નિમીત્તે શ્રીસંઘે પંચાહ્નિકા મહોત્સવ જીનેન્દ્ર ભક્તિપૂર્વક ઉજવેલ. તેમાં શ્રી સિદ્ધચક્ર મહાપૂજન (૪૦૦) ઉપવાસની સમુહ આરાધના પૂર્વક વિધિવિધાનપૂર્વક થયેલ.

શ્રી સંઘમાં ઉત્સાહ સારો વર્તે છે. તેમજ દર રવિવારે બાળકોને સમુહ સામાયિક વગેરે તથા દર રવિવારે જાહેર પ્રવચનના કાર્યક્રમો સારી રીતે ચાલુ છે



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પરમયોગી શ્રી ચિદાનંદજી મહારાજ

લેખક : રાયચંદ મગનલાલ શાહ

( ગતાંકથી ચાલુ )

પરમ યોગીરાજશ્રી ચિદાનંદજી મહારાજ રચિત "પરમાત્મ છત્રીશી"ના પાંચ દુહા ગત અંકમાં આપણે જોઈ ગયા, પ્રથમ પરમાત્માની સ્તુતિ કર્યા પછી એક ચેતન દ્રવ્યના ત્રણ પ્રકાર (૧) બહિરાત્મા (૨) અંતરાત્મા (૩) પરમાત્મા એમ ત્રણ સ્વરૂપ સમજાવ્યા. હવે આપણે છઠ્ઠા દુહાથી આગળ વધીએ. યોગીરાજની કાવ્ય શક્તિ કોઇ અનેરી છે, એમના લખાણના અર્થો કે વિવેચન કરવાની મારા જેવા સામાન્ય માણસની શક્તિની બહાર છે. ભલભલા વિદ્વાનને માટે પણ કઠીન છે. તેઓએ ટુંકામાં બહુ અલ્પ શબ્દોમાં તેમ છતાં સંપૂર્ણ સચોટ વાણીમાં એમના અનુભવ જ્ઞાનને, યોગશક્તિથી અને શાસ્ત્રાભ્યાસથી જે જ્ઞાન સરિતા વહાવી ગયા છે તે અપૂર્વ સુંદર છે. એમના શબ્દે શબ્દમાં જ્ઞાનમય એમના આત્માની ઝલક છે, એમણે ગાગરમાં સાગર ભરી દીધો છે. પરમાત્મ સ્વરૂપ સરલતાથી પ્રાપ્ત કરવાનો સુગમ ઉપાય એમણે આ પરમાતમ છત્રીમાં જે બતાવ્યો છે તે જિજ્ઞાસુ મુમુક્ષુ આત્માઓ જેમ જેમ વાંચશે, અધ્યયન કરશે, સ્વાધ્યાય કરશે તેમતેમ અલૌકીક આનંદનો અનુભવ થશે. થોડી ક્ષણો માટે તો આત્મા અંતરાત્માના આનંદનો સ્વાદ ચાખતો હોય એમ આનંદ મહાણી શકશે.

બહિરાતમ ભાવ તજ, અંતર આતમ હોય;
પરમાતમ પદ ભજતુ[1] હે, પરમાતમ પદ સોય. ૬

પરમાતમ સોય આતમા[2], અવર ન દુજો કોઇ;
પરમાતમ કું ધ્યાવતે. યહ પરમાતમ હોય. ૭

પરમાતમ એહ બ્રહ્મ[3] હે, પરમ જ્યોતિ જગદીશ,
પરસું ભિન્ન નિહારીએ, જોઇ[4] અલખ સોઈ ઈશ. ૮

જે પરામાતમ સિદ્ધ મે, સોહી આમ માંહી,
મોહ મયલ[5] દુગ લગ રહ્યો, તામેં સૂજત નાંહિ. ૯

મોહ મયલ રાગાદિ કે, જા જિન[6] કીજે નાશ;
તા[7] છિન એહ પરમાતમા, આપ હી હહે પ્રકાશ. ૧૦

૧. ભજવું, સેવન કરવું, પૂજવું, લીન થવું, એકમેક થઈ જવું. ૨ અભેદ દશા, અપ્પા સો પરમાતમા આત્મા એજ પરમાત્મા છે, પરમાત્માનું ધ્યાન ધરતાં આત્મા પરમાત્મા બની જાય છે, પરમાત્મ સ્વરૂપને પ્રાપ્ત કરે છે. ૩. પરમાત્મા એજ બ્રહ્મ છે, એજ પરમ જ્યોતિ છે, એજ ઈશ્વર છે, હું આત્મા છું અન્ય સર્વ પર છે જુદું છે, હું કોઇનો નથી કોઈ મારું નથી, સ્વસ્વરૂપનું જ્યાં જ્ઞાન થયું-ભાન થયું-સમજણ આવા તજ જ્યાતિ સ્વરૂપ અલખ ઇશ્વર ભગવાન. ૪. જ્યોતિ. ૫. મેલ. ૬. જ્યારે ૭. તેજ ક્ષણે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આતમ સો પરમાતમા, પરમાતમ સોઇ સિદ્ધ;
બિચકી[1] દુવિધા મિટ ગઈ, પ્રગટ ભઈ નિજ રિદ્ધ. ૧૧
મેં હિ સિદ્ધ પરમાતમા, મેં હિ આતમ રામ;
મેં હિ ધ્યાતા ધ્યેય કો, ચેતેન મેરો નામ. ૧૨
મેં હિ અનંત સુખકો ધની, સુખમેં મોહિ સોહાય;
અવિનાશી આનંદમય, સોહં ત્રિભુવન રાય. ૧૩
શુદ્ધ હમારો રૂપ હે, શોભિત સિદ્ધ સમાન;
ગુણ અનંત કરી સંયુત, ચિદાનંદ ભગવાન. ૧૪
જેસો શિવપેં તહીં વસે, તેસો યા તનમાંહિ;
નિશ્ચય દૃષ્ટિ નિહાળતાં, ફેર રંચ કછુનાંહિ. ૧૫
કરમન કે સંજોગ તેં, ભએ તીન પ્રકાર;
એકહી આતમા દ્રવ્યકું, કર્મ નટાવણુ હાર. ૧૬
કર્મ સંઘાતે અનાદિકે, જોર કછૂ ન બસાય;
પાઈ કલા વિવેકકી, રાગ દ્વેષ છિન જાય. ૧૭
કરમનકી જર[2] રાગ હે, રાગ જરે જર જાય;
પરમ હોત પરમાતમા, વો હી સુગમ ઉપાય. ૧૮
કાહેકું ભટકત ફીરે, સિદ્ધ હોને કે કાજ;
રાગ દ્વેષ કું ત્યાગ દે, વોહી સુગમ ઇલાજ. ૧૯
પરમાતમ પદકો ધની, રંક ભયો વિલ લાય;
રાગ-દ્વેષ કી પ્રીતિસેં જન્મ અકારથ[3] જાય. ૨૦
રાગ-દ્વેષ કી પ્રીતિ તુમ, ભૂલે કરો જન રંચ;
પરમાતમ પદ ઢાંકકે,[4] તુમ હિ કિયો તિરયંચ[5] ૨૧
તપ જપ સંયમ જબ ભલે, રાગ-દ્વેષ જો નાંહિ;
રાગ-દ્વેષ કે જાગતે, એ સબ વૃથા હિ. ૨૨
રાગ-દ્વેષ કે નાસતેં, પરમાતમ પરકાશ;
રાગ-દ્વેષ કે ભાસતે, પરમાતમ પદનાશ. ૨૩
જો પરમાતમ પદ ચહે, તો તું રાગ નિવાર;
દેખી સંજોગ સામીકો, અપને હિયે વિચાર. ૨૪
લાખ બાતકી વાત યહ, તો હું દેઈ બતાય;
જે પરમાતમ પદ ચહે, રાગ-દ્વેષ તજ ભાય. ૨૫

---

૧. વચલી દ્વિધા, અઘાતી કર્મનો નાશ થયા પછી નિજાત્મ દશા પ્રાપ્ત થઈ ત્યાં જ આત્માની રિદ્ધિ અનંત ભંડાર પ્રગટ થાય છે. ૨. જડ-મૂળ. ૩. વ્યર્થ. ૪. ઢાંકીને. ૫. પશુ.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

રાગ-દ્વેષ ત્યાગે બિનુ, પરમાતમ પદ નાંહિ;
કોટિ કોટિ તપ-જપ કરે, સબ અકારથ જાય. ૨૬

દોષ હિ આતમકું યહ, રાગ-દ્વેષ કો સંગ;
જેસેં પાસ મજિઠમેં, વસ્ત્ર ઓર હિ રંગ. ૨૭

તેસેં આતમ દ્રવ્ય કું, રાગ-દ્વેષ કે પાસ;
કર્મ રંગ લાગત રહે, કેસેં લહે પ્રકાશ. ૨૮

ઈણુ કરમનકો જીતવો, કઠિન બાત હૈ વીર;
જર[1] ખોદે વિનુ નહિ મિટે, દુષ્ટ જાત યે પીર[2]. ૨૯

લલો પત્તા[3] કે કિયે; એ મિટવે કે નાંહિ;
ધ્યાન અગ્નિ પરકાશ કે, હોમ દેહિ તે માંહિ. ૩૦

જ્યું દારૂ કે ગંજકું, નર નહિ શકે ઉઠાય;
તનક[4] આગ સંજોગ સેં, છિન એક મેં ઉડ જાય. ૩૧

દેહ સહિત પરમાતમા, એહ અચરજકી બાત;
રાગ-દ્વેષ કે ત્યાગને, કર્મશક્તિ જરી જાત. ૩૨

પરમાતમ કે ભેદ દ્વય, નિકલ સકલ પરવાન;
સુખ અનંતમેં એકસેં, હવકે દ્રવ્ય થાન. ૩૩

ભાઈ! એહ પરમાતમ, સો હે તુમમેં યાહિ;
અપની શક્તિ સંભાર કે, લિખાવત દે તાંહિ. ૩૪

રાગ-દ્વેષકું ત્યાગ દે, ધરી પરમાતમ ધ્યાન;
યું પાવે સુખ શાશ્વત, ભાઈ! એહ કલ્યાન. ૩૫

પરમાતમ છત્રીસી કે, પઢીયો પ્રતિ સભાર;
ચિદાનંદ તુમ પ્રતિ લિખી, આતમ કે ઉદ્ધાર. ૩૬

(સંપૂર્ણ)

---

૧. જડ  ૨. પીડા  ૩. લલાપતા-પંપાળવાથી  ૪. તણખો.

---


# શ્રી શત્રુંજય ગિરિરાજ દર્શન

શાશ્વતા તીર્થની ઉપાસના આવા પુનિત પુસ્તકના વાચન દ્વારા વિશેષ રીતે થઇ શકે છે. તેથી આ પુસ્તક દરેક ઘરે વસાવવા જેવું છે.

નવ્વાણુ યાત્રા કરનાર ભાગ્યવંતોને, વર્ષીતપ કરનાર તપસ્વીઓને, તેમજ શ્રી જૈન સંઘના શ્રાવકો અને શ્રાવિકાઓને પ્રભાવનામાં આપવા લાયક પુસ્તક છે. આ પુસ્તકમાં પુનિત તીર્થના પંદર ફોટાઓ છે કિંમત ફક્ત ૯-૦૦ રૂપિયા જે વ્યક્તિ સો કે સોથી વધારે પુસ્તક મંગાવશે તેમને દશ ટકા કમિશન આપવામા આવશે.

શ્રી જૈન આત્માનંદ સભા ખારગેઇટ
ભાવનગર (સૌરાષ્ટ્ર)


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# સતી સુરસુંદરી

લેખકઃ- પ.પૂ.આ.શ્રી વિજય અમૃતસૂરીશ્વરજી મ.સા.
બાશિષ્ય પૂ. મુનિરાજ શ્રી દાનવિજયજી મ.સા.

હપ્તો ૮ મો : ( ગતાંકથી ચાલુ )

સુપ્રતિષ્ઠે પોતાના ભૂતકાળના પ્રસંગને તાદ્દશ્ય સમુ વર્ણન કરતા જણાવ્યું હે ધનદેવ! મારા પિતાએ ચંપાપુરીના કીર્તિધર રાજાની પુત્રી કનકવતી સાથે બીજીવાર લગ્ન કર્યા. અને વૃક્ષને વેલડી વીંટાઇને વૃદ્ધિ પામે તેમ કનકવતીની ..થ તેમના સ્નેહ વૃદ્ધિ પામ્યા.

હે ધનદેવ! તમે જાણો છો આ સળગતા સંસારમાં ઘરને આંગણે આવતી નવી મા નો વર્તાવ કેવો હોય છે! જ્યાં જ્યાં જે જે ઘરમાં નવી મા ના પગલા પડયાં છે તે ઘર ઉજ્જડ થયેલું અને બેહાનમેદાન થયેલું જોવા મળે છે. મારાપિતાને કનકવતી ઉપર એટલો સ્નેહ વૃદ્ધિ પામ્યો કે તે કહે તેવું જ મારા પિતા કરવા લાગ્યાં. બસ....રાત અને દિવસ તેનામાં જ અંધ બની ગયા.

હે ધનદેવ! સમયની સરિતા વહ્યાં જ કરે છે. તેને કોઈ રોકી શકતુ નથી. સમય જતા કનકવતીએ એક પુત્રને જન્મ આપ્યો. તેનુ નામ સુરથકુમાર રાખ્યું. સમગ્ર સિદ્ધપુર રાજ્યમાં આજદિન પર્યંત ખટપટનુ નામ નિશાન ન હતું. તેને બદલે મારી નવી માતા આવ્યા પછી રાજ્યમા ખટપટ વધવા લાગી.

મિત્ર ધનદેવ! આ જગતનો ક્રમ છે. કે આર્યકુળની સન્નારી પરણીને સાસરે જાય તો અંધકારમય ઘરને ઉદ્યોતમય બનાવીને ઘરને સંસ્કારના પ્રકાશથી અજવાળી દે છે. અને તેવી સ્ત્રીને ઘરની લક્ષ્મી કહે છે. જ્યારે અવળી નારી કુલાંગારીણી હોય તો શાંત ઘરને પણ કલેશ અને કંકાશથી ભરી દે છે. એટલુ જ નહિ પણ એક જ ચિનગારીથી ઘરને સળગાવી દે છે. અને ઉજ્જડ બનાવી દે છે. તેમ મારી નવી માતાએ અમારા ઘરમાં તો ઠીક પણ સમગ્ર રાજ્યમાં આગ લગાડી.

મારા પિતા તો ન્યાય નીતિ અને ઉચ્ચ વ્યવહારને માનનારા છે તેઓ કોઇ પણ સમયે અયોગ્ય પગલુ ભરે જ નહિ. પણ કનકવતીએ જાણે કામણ કર્યું હોય તેમ રાજા તેને જ જોયા કરે છે. અને તે કહે તેમ જ કરે છે. હે ધનદેવ! મારા પિતાને એક વખત મારી અપર માતાએ કહ્યું કે તમે રાજ્ય ઉપર બેસાડો તો મારા સુરથને જ બેસાડજો. એમ કહ્યું ત્યારે મારા પિતાએ એકજ જવાબ આપ્યો કે દેવી! રાજ્યની નિતિ અને વફાદારીને હું કદાપિ ચુકવા નથી માંગતો. રાજ્ય ઉપર તો સુપ્રતિષ્ઠ બેસશે. કારણ કે રાજ્યનો વારસદાર એ છે. મારા પિતાની વાત કનકવતીને ના ગમી તેણે પોતાની માળાજાળ પાથરવા માંડી અને એવી તો કાન ભંભેરણી કરી કે પિતાને પોતાનો વિચાર નાખુશ મને ફેરવવો પડયો. અને મારા પિતા મને કેદમાં નાખવા અને સુરથને રાજ્ય ઉપર સ્થાપવાની તૈયારી કરવા લાગ્યા.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

**એક વૃદ્ધ દાસીએ આ વાત રાજા અને રાણી વચ્ચેની થઈ તે સાંભળીને તેણે મને જણાવી કે હે સુપ્રતિષ્ઠ! તમારા પિતા તમને પકડીને કેદ કરવાના છે. અને સુરથકુમારને રાજ્ય ઉપર બેસાડવાના છે. આ વાતથી તમને વાકેફ કરવા હું ઉતાવળી તમારી પાસે આવી છું, હે રાજ્ય પુત્ર! આપને હવે યોગ્ય લાગે તેમ કરશો!!!**

**હે ધનદેવ!** મારા પર પ્રિતિ ધરાવતી વૃદ્ધ દાસીએ મને આ વાતની જાણ કરી ત્યારે મને ખુબજ આશ્ચર્ય થયું અને પારાવાર દુઃખ પણ થયું. હું ધારૂ તો મારા રાજ્યના અધીકારીઓ દ્વારા બલાત્કારે મારી અપરમાતાને અને સુરથને કેદ કરાવી મારા પિતાની શાન ઠેકાણે લાવી અને રાજ્ય ઉપર બેસી શકુ તેવી શક્તિ મારામાં હતી પણ....પણ **મને થયુ ક પિતાની સામે થવુ તે તો કુલાંગાર પુત્રનુ કામ છે. અભિજાત પુત્રનું નહિ.**

અંતે મારૂ અંતરમન પોકારી ઉઠયું. મારો ઉભરો શમી ગયો. મારા કુળને કલંક લાગે તેવું મારે શા માટે કરવું? મારા બાહુમાં જોર છે. મારૂ મન સ્વસ્થ છે, તો શા માટે હવે અહીં રહેવુ, મારૂ ભાગ્ય હશે તો બીજુ રાજ્ય મળી રહેશે. પરાક્રમ કરી-પુરૂષાર્થ દ્વારા સાત્વિક પરિણામ મેળવવું તે મારૂ કામ છે. બાપકર્મી રીતે મારે મારૂ જીવન જીવવું તેના કરતા આપકર્મી સ્વપુરૂષાર્થથી પૈસો પેદા કરવો તેમાં જ બહાદુરી છે. બસ હવે તો આ રાજ્ય છોડીને ચાલ્યા જવુ વધુ હિતાવહ છે. હે ધનદેવ! રાત્રીએ ઘર છોડી દેવુ તેવો મે દઢ સંકલ્પ કર્યો.

રાત્રીએ સમગ્ર રાજ્ય નીંદ્રા દેવીને ખોળે પોઢી હતી. આકાશમાં તારાઓ ટમટમતા હતાં અને વાદળમાં છૂપાયેલો ચંદ્ર કોઈ કોઈ વાર બહાર આવીને ચાડી ફુંકતો હતો, રાત્રીના તમરાઓ ક્ષણે ક્ષણે અવાજ કરતા હતા. રાજ્યના દ્વારે પહેરેગીરો આંટા મારી રહ્યાં હતાં. છતાં કોઇને પણ ખ્યાલ ન આવે તેમ ઘર છોડીને ચાલી નીકળ્યો. ત્યાંથી મે સિંહગુહામાં આવીને જમાવટ કરી. મારી નામના અને પરાક્રમ જાણી આસપાસના ભીલો મારા રહેઠાણ પાસે ભેગા થયાં. આમ તો ભીલો ઘણાજ ક્રુર અને નિર્દય હોય છે. લુટફાટ અને મારફુટ સિવાય બીજી કોઈ પ્રવૃત્તિ જ નથી હોતી, તેમની સાથે હું ભળી ગયો. મને આવી ખોટી પ્રવૃત્તિ ગમતી નથી પણ મજબુર થઇને આવી પ્રવૃત્તિ કરવી પડે છે હું તો અન્યાય અને અનિતિનો ભોગ બનેલો એક રાજકુમાર છું.

જંગલનો સિંહ પોતાના પરાક્રમથી વનનો રાજા બને છે, તેમ હું મારા પરાક્રમથી આ ભીલ્લોનો સરદાર બન્યો છું. પણ આપ જેવા ગુણીયલ અને સજ્જન એવા મહાપુરૂષના પગરણથી આ ભૂમિ પવિત્ર બની છે અને મને આપના દર્શન થયા તે મારૂ સદ્દભાગ્ય છે. સુપ્રતિષ્ઠે પોતાની સમગ્ર જીવનની વ્યથા ભરી કથા કહીને મન હળવું કર્યું.

ધનદેવ જાણે સ્વપ્નમાં ખોવાયો હોય તેમ સુપ્રતિષ્ઠના ઝંઝાવાત ભર્યા જીવનકથનને સાંભળીને દીગ્મુઢ બની ગયો. રાજ્યપુત્રને પણ રાજ્યના કાવાદાવાઓ અને અપરમાતાના પરાક્રમથી રાજ્ય છોડવું પડયું, જંગલમાં દુઃખ વેઠવું પડયુ વગેરે. સુપ્રતિષ્ટની વાત સાદ્યાન્ત પૂર્ણ સાંભળીને અંતરથી આશ્વાસન આપીને કહ્યું હે સુપ્રતિષ્ઠ હવે તમે જરાંયે દુઃખ મનમાં ના લાવશો. સમગ્ર વિશ્વમાં માનવ માત્રને અનેક સુખ-દુઃખના સમયમાંથી પસાર થવુ પડે છે. સંજોગ માનવીને સુખ આપે છે અને વિયોગ માનવીને દુઃખ આપે છે. આપણા જ કર્મના શુભાશુભ ફળના વિપાક રૂપે સુખદુઃખ આવે છે. તેને સમતા ભાવે સહન કરવું જ રહ્યું. રડતાં રડતાં સહન કરવું તેના કરતા સમતા ભાવે હસતા હસતા સહન કરીએ તો નવા કર્મો નહિ બંધાય. માટે હે મિત્ર હવે તું લવલેશ મનમાં દુખ લાવીશ નહિ. આજથી આપણા



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

બંનેનો મૈત્રીનો નાતો શરૂ થાય છે. કોઈ પણ સંજોગે આપણે બંને સુખદુઃખમાં સાથે રહીશું.

આમને આમ કેટલાક દિવસો પસાર થયા પછી ધનદેવે કહ્યું હે મિત્ર! હવે વધુ સમય હમણા હું રોકાઈશ નહિ. કારણ કે મારી સાથે સંઘ છે. સંઘના માણસો પણ હવે પ્રયાણ માટે ઝંખી રહ્યા છે. મને કહેતા સંકોચ થાય છે. પણ તમે રાજીખુશીથી રજા આપો તો હું આગળ વધું.

સુપ્રતિષ્ઠે કહ્યું ભાઈ! તમે જવાની વાત કરો છો તો ખુશીથી જાઓ પણ મારી એક સરત તમારે સ્વીકારવી જ પડશે. ધનદેવને થયું કે પાછા ફરતાં પલ્લીમાં બે ચાર દિવસ રોકાવાનુ કહેશે. પણ તેની ધારણા ખોટી પડી.

સુપ્રતિષ્ઠ પોતાના આવાસમાં જઈને તુરત પાછો ધનદેવ પાસે આવ્યો. અને બે હાથ જોડી વિનમ્ર ભાવે કહ્યું હે મિત્ર! મારી આ એક નાનીશી ભેટ સ્વીકારો. ધનદેવના હાથમાં મુકતાં જ ધનદેવ આશ્ચયમાં પડી ગયો. અને વિચારવા લાગ્યો કે થોડા જ દિવસોની મિત્રતામાં આટલી મોટી ભેટ!!! હાથમાં રહેલા મણિને વારંવાર જોઈએ ધનદેવે સુપ્રતિષ્ઠને કહ્યું આ મણિ તો સૂરલોકમાં જ સંભવે તમારી પાસે કેવી રીતે આવ્યો?

સુપ્રતિષ્ઠે કહ્યું, હે મિત્ર! આ મણિ ખરેખર સૂરલોકનો જ છે.

ધનદેવના મુખ ઉપર આશ્ચર્યભરી ઉત્સુકતા જાણીને સુપ્રતિષ્ઠે કહ્યું.

હે મિત્ર! તમે સાંભળો એક અદ્ભૂત વાત આ મણિની પ્રાપ્તિ કેવી રીતે થઈ!

ઘણા સમય પહેલાની એ અૌલૌકિક વાત છે. એક દિવસ પ્રાતઃસમયે ધનુષ્યબાણ વગેરે લઈને કેટલાક સાથિઓ સાથે હું જંગલમાં મૃગલા ખેલવા ઉત્તર દીશા તરફ જઈ રહ્યા હતો. જ્યાં ઘટાટોપ ઝાડીઓ આવી કે જ્યાં દિવસે પણ સૂર્યના દર્શન થવા દુર્લભ હતાં કોઈ કોઈ જગ્યાએ સૂર્યના કિરણો ઝાડવાઓને ભેદીને પૃથ્વી ઉપર પડતાં હતા. એવી ઘટાટોપ વનસ્થળીમાં એક કરૂણ આક્રંદ સંભળાયો. મને થયું કે આ ભયાનક જેવા જંગલમાં સ્ત્રીના જેવો આક્રંદ કયાંથી જે તરફ અવાજ આવતો હતો તે તરફ મે પગલા માંડયાં અને આગળ ચાલવા માંડયું. ત્યાં કાને અવાજ અથડાયા....હવે તો તું મારા સકંજામાં સપડાઈ છે. કોઈ તારો અવાજ અહીં સાંભળી શકે તેન મથી. અને કોઈ તને બચાવી શકે તેમ નથી. હા...હા....હા....હા....હા....તટ-હાસ્ય સાંભળતાં જ હું સ્તબ્ધ બન્યો. સાવધાનીથી નજદિક જઈ જોયું તો સ્ત્રી નહિ પણ એક પુરૂષ નાગપાશથી બંધાયેલ હાલતમાં હતો, મુખ ઉપર દિવ્યતા હતી. પણ નાગપાશ બંધનની વેદનાને કારણે આંખમાંથી આંસુ વહેતા હતાં. તેની આપત્તિ જોઈ મારૂ હૈયું પણ ભરાઈ ગયું.

બંધનમાં સપડાયેલા પુરૂષે કહ્યું, ભાઈ તમે મનમાં જરા પણ દુઃખ લાવશો નહિ. મને બંધનમાં નાખનાર તો કયાંય દૂર ચાલ્યો ગયો લાગે છે. હવે તો એક ઉપાય છે. તમે મને બંધનમાંથી છોડાવી શકો તો એક કામ કરો. મારા મસ્તક ઉપર બાંધેલો મણિ છે તે લઈને પાણીથી ધોઈ એ પાણી આ સર્પ ઉપર છાંટશો તો બંધન છૂટી જશે અને હું મુક્ત થઈ શકીશ. હે ધનદેવ મિત્ર! મે તેના મસ્તક ઉપરથી મણિ લીધો અને બાજુમાં એક સરોવરમાંથી પાણી લાવી મણિ તેમાં મૂકયો અને થોડી જ વારમાં તે મણિ વાળુ પાણી બંધન ઉપર નાંખ્યું ને તુરત જ નાગ-સર્પ વગેરે છૂટા પડી ગયાં અને ભયભીત થયેલા નાગ ક્ષણવારમાં દૂર દૂર નાશી ગયાં અને તે દિવ્ય પુરૂષ બંધનમાંની મુક્ત થયો. અને તેથી મારા આનંદનો કોઈ પાર ન રહ્યો.

મે તે દિવ્ય પુરૂષને એક તાજા કુમળા ઘાસની બનાવેલી શૈયા ઉપર સુવાડયો. તેણે મારા જીવન



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વિષે જાણવાની ઈચ્છા થઈ તેથી ટુંકમાં મે મારૂ જીવનવૃત્તાંત તેમને જણાવ્યું. ત્યારબાદ તે દિવ્ય પુરૂષે પોતાની આપવીતી કહી તે તો ખરેખર રોમાંચક અને જાણવા જેવી છે.

ધનદેવે કહ્યું મિત્ર ! તમે મને તે દિવ્ય પુરૂષના જીવનની વાત કહી સંભળાવો.

સુપ્રતિષ્ઠે કહ્યું તમારે સાંભળવાની ઇચ્છા છે તો સાંભળો.

વૈટાઢયગિરિમાં આવલ રત્નસંચયા નગરીમાં પવનગતિ નામનો એક વિદ્યાધર રહે છે. તેનો એક ચિત્રવેગ નામનો પુત્ર છે. આમ તો વિદ્યાધરો વિદ્યામાં પારંગત હોય છે. પણ સમગ્ર વિશ્વમાં મોહ રાજાનુ સામ્રાજ્ય વ્યાપેલું છે. વિદ્યાધરોને પણ મોહ રાજાએ છોડયા નથી. મોહની મદિરા પીનારા મોહાંધ બની ગયેલા હોય છે. ચિત્રવેગનો ઇતિહાસ એટલે મોહરાજાની માયા જ જોઈ લ્યો, એમ કહુ તો અતિશયોક્તિ નથી. બંધનમાં બંધાયેલા ચિત્રવેગની આપવીતી તેણે મને જણાવી હતી તે જ હું તમારી પાસે કહુ છું. હે ધનદેવ ! હવે તમે એ રોમાંચક વાત ધ્યાન દઇને સાંભળો.

ચિત્રવેગે મને કહ્યું, એક વાર હું અને મારો મિત્ર મનોહર એવા ઉદ્યાનમાં ફરતા હતા ત્યારે આકાશ માર્ગે તેજસ્વી વિમાનોની પરંપરા જોવામાં આવી. મને નભોગામિની વિદ્યા પિતાના વારસામાં મળી હતી. મને થયું કે આ દેવવિમાનો સારા કામ માટે જતા હોય તો મારે શા માટે ન જવું ? મારા મિત્રે કહ્યું કે આ બધા વિમાનો વૈટાઢયગિરિમાં આવેલા ભવ્ય જિનમંદિરોમાં જઈ રહ્યા છે. ત્યાં વિદ્યાધરો અરિહંત પરમાત્માની ભાવથી ભક્તિ કરશે. આમ વાત ચાલતી હતી ત્યાંજ મારા પિતા દ્વારા મને સમાચાર મળ્યા કે વૈતાઢયગિરિએ અરિહંતની ભક્તિ કરવા જઇએ છીએ, તારે આવવું હોય તો તૈયાર થઈ જલદીથી આવી જા. હું સાથે ગયો અને સિદ્ધાલયમાં ભગવંતની ભાવથી ભક્તિ કરી. અપ્સરા અને વિદ્યાધરોએ ભક્તિભાવ પૂર્ણ અદ્દભૂત નૃત્ય કર્યું, અને તે રીતે ત્યાથી ભક્તિ પૂજા કરી પાછા ફરતાં માર્ગમાં મને મારા મામાનો પુત્ર ભાનુવેગ મળ્યો. તેના આગ્રહથી હું કુંજરાવર્તન નગરમાં આવી પહોંચ્યો. અહીં મે કેટલાક દિવસ ખૂબજ શાંતિ અને આરામથી ગાળ્યાં. એક વાર મને પાછલી રાત્રીએ છેલ્લા પ્રહરે એક સ્વપ્ન આવ્યું.

અદ્દભૂત એવા સ્વપ્નમાં હું એક શ્વેતરંગની પુષ્પમાળા લેવા હાથ લંબાવુ છું પણ માળા હાથમાં આવતી જ નથી. પણ મારો એક મિત્ર તે લાવી આપે છે. અને એ માળા હું કંઠમાં પહેરવા જાઉ છું ત્યાં જ તે માળા પડી જાય છે, મને ફાળ પડે છે, હૈયુ કંપી ઉઠે છે. અને તે માળા સુકાઈ જાય છે, પણ મારા મિત્ર તે માળાને નવપલ્લવિત બનાવી મારા કંઠમાં આરોપણ કરે છે. બસ આવુ સ્વપ્ન જોઈ હું જાગી જાઉ છું. આ સ્વપ્નનો અર્થ હું સમજી શકયો નહિ. મે ભાનુવેગને તેનો ખુલાસો પૂછયો. તેમ છતાં પણ અર્થ જાણવામાં નિષ્ફળ ગયો.

પણ એક દિવસ અમે એ સ્વપ્નનો અર્થ સમજવા પ્રયત્ન કરતા હતાં એટલામાં જ મોટી સંખ્યામાં નગરમાંથી નર-નારીઓ સુંદર વસ્ત્રાભૂષણથી સજ્જ થઈ એક ઉદ્યાન તરફ જતા હતા. ભાનુવેગને મે પૂછયું આ લોકો બધા કયાં જાય છે ?

હે મિત્ર આજે મદનત્રયોદશી છે. મરકંદ ઉદ્યાનમાં યુવકો અને યુવતીઓ આજે મદનોત્સવ ઉજવશે મને થયું કે આવો ઉત્સવ જોવા મળતો હોય તો ઘરના ખુણામાં શા માટે ગોંધાઈ રહેવું અમે બંને મકરંદ ઉદ્યાનમાં ગયાં.

વસંતનો પ્રભાવ અહીં પુર બહાર ખીલી ઉઠયો હતો.

ઉદ્યાન આજે ખીલખીલાટ હસતુ હતું, મધુર વાયું વિંઝણા લેતો હતો. વૃક્ષોની શાખાઓ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વાયુના વિંઝણે ઝુલતા હતાં. મીઠી સોડમ ચારે બાજુ પ્રસરી હતી. મોરલાઓ મુક્ત મને કળા કરી નૃત્ય કરતા હતાં. ઝાડની ડાળીએ કોયલો મીઠા મધુરા ટહુકાર કરતી હતી, કયાંક કયાંક શુષ્ક થયેલા વાંસના ચીરમાંથી વાયુ પસાર થતો હતો ત્યારે તો સરગમના શૂર જેવો સ્વર પેદા થતો હતો ઉદ્યાનમાં આવેલા યુવાન હૈયાઓને આ ઉદ્યાનમાં વ્યાપેલી વસંતઋતુ સાથ આપતી હતી. ઉદ્યાનમાં એક ભવ્ય મદન-કામદેવનું મંદિર હતું. એ મંદિરને ફરતા યુવાન હૈયાઓ રાસ લેતા હતાં. અમે આ દશ્ય દૂર બેઠા બેઠા નિહાળતા હતા.

( ક્રમશઃ )

# નૂતન ઉપાશ્રયે પૂ૦ ગણિવર્યશ્રી દાનવિજયજી મ૦ની નિશ્રામાં શ્રી પિસ્તાલીસ આગમની ભવ્ય પૂજા

પરમપૂજ્ય શાસનસમ્રાટ શ્રીમદ્ વિજયનેમિસૂરીશ્વરજી મ૦ સાહેબના પુણ્યપ્રભાવ સામ્રાજ્યે પરમપૂજ્ય આચાર્ય વિજયમેરૂપ્રભસૂરીશ્વરજી મ૦ તથા પરમપૂજ્ય દેવસૂરીશ્વરજી મ૦ સા૦ના શુભ આશીર્વાદથી પ૦પૂ૦ આ૦ વિજયનીતિપ્રભસૂરીશ્વરજી મ૦ સા૦ આદિની નિશ્રામાં પ૦પૂ૦ આચાર્ય શ્રીમદ્ વિજયઅમૃતસૂરીશ્વરજી મ૦ સાહેબના શિષ્યરત્ન પરમપૂજ્ય ગણિવર્યશ્રી દાનવિજયજી મ૦ની પ્રેરણા અને આયોજનથી ભાવનગર જૈન તપગચ્છ સંઘના ઉપક્રમે ભાદરવા શુદ-૧૩ શનિવાર તા. ૮-૯-૮૪ ભાદરવા શુદ ૧૪ રવિવાર તા. ૯-૯-૮૪ બે દિવસ શ્રી પિસ્તાલીસ આગમની ભવ્ય પૂજા ભણાવવામાં આવેલ.

૪૫ આગમોના જુદા આદેશો આપવામાં આવ્યા હતાં.

પિસ્તાલીસ આગમ મંજુષા પર સોનાની ગીનીથી પૂજા કરવામાં આવી હતી. તેમજ તે તે આગમો પર ચાંદીની લગડી અને સીક્કાથી પૂજન કરવામાં આવેલ. તેમજ ભગવાન મહાવીરના જીવન પ્રસંગની ચાર ચાર ભવ્ય રચનાઓ નૂતન ઉપાશ્રયના વિશાળ હોલમાં રચવામાં આવેલ, જેનો અઠવાડીયા સુધીમાં જૈન-જૈનેત્તરોએ વિશાળ સંખ્યામાં લાભ ઉઠાવ્યો હતો. નૂતન ઉપાશ્રયે અઠવાડીયા સુધી ધર્મના મેળા જેવું વાતાવરણ ખડું થયુ હતું.

ભા. શુ. ૧૩ના દિવસે શ્રીસંઘના ઉપક્રમે પિસ્તાલીસ આગમનો અભૂતપૂર્વ વરઘોડો નીકળ્યો. જેમા વિશેષ સાધનો સામેલ કરવામાં આવ્યા હતાં, આ વરઘોડો વિશાળ રાજ્યમાર્ગો પર ફર્યો હતો.

(૧) શ્રી મહાવીરસ્વામી ભગવાન અગિયાર ગણધરોને ત્રિપદી આપે છે. અને સંઘની સ્થાપના કરે છે તેવી વિશાળ સમોવસરણની રચના.

(૨) શ્રી ગૌતમગણધર ભગવંત મધુરી દેશના આપે છે, શ્રોતાઓ સાંભળે છે.

(૩) શ્રી પિસ્તાલીસ આગમ પુરૂષની વિશાળકાય રચના.

(૪) ભગવંત મહાવીરસ્વામીને બાલ્યાવસ્થામાં સિદ્ધાર્થ રાજા પાઠશાળામાં બેસાડે છે. પંડિત ભણાવવાની તૈયારી કરે છે ત્યાંજ ઈન્દ્ર મહારાજા પંડિત પાસે આવીને કહે છે કે ભગવંત સ્વયંજ્ઞાની છે. તેમને ભણાવવાથી અવિનય થશે તે અવિનય ન થાય તેનુ નિવારણ કરવા ઈન્દ્રમહારાજા બ્રાહ્મણનુ રૂપ લઇને આવે છે. આ રીતે ચાર વિશાળ રચનાએ સારાએ ભાવનગરમાં આકર્ષણ જમાવ્યુ હતુ.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સમાચાર

## શ્રી કૃષ્ણનગર જૈન સોસાયટીમાં થયેલ તપશ્ચર્યા

અઠ્ઠમની તપશ્ચર્યા જે ૫૧ આરાધકોએ કરી હતી તે દરેકને કુલ પ્રભાવના રૂા. ૨૪-૨૫ પ્રત્યેકને.

ચારિત્ર પદના એકાસણા શેઠ માવજી વશરામ ટાણાવાળા તરફથી ભયેંભાણે કરાવવામાં આવેલ અને પ્રત્યેક આરાધકને રૂા. ૨-૨૫ ની પ્રભાવના.

શ્રાવણ વદ ૭ રવિવારે જેસરવાળા માસ્તર વૃજલાલ હઠીચંદ તરફથી અક્ષયનિધિવાળી બાલીકાઓને એકાસણા કરાવવામાં આવ્યા અને પ્રત્યેકને પ્રભાવના રૂા. ૯-૫૦ તથા રૂા. ૧૩)ની વસ્તુઓ આપવામાં આવેલ. તથા ચંદનબાળાના અઠ્ઠમ કરાવવામાં આવેલ. દરેકને બહુમાન કરી રૂા. ૧૧) શ્રીફળ અને પડો સાકરનો આપવામાં આવેલ, આરાધકની સંખ્યા ૪૫.

શ્રાવણ વદ ૮ સામુહિક ઉપવાસ કરાવવામાં આવેલ. પ્રત્યેકને રૂા. ૧) ની પ્રભાવના કરવામાં આવેલ.

ભા. શુ. ૭ શેઠ માવજીભાઈ વશરામભાઈ ટાણાવાળા પરિવારમાં ૧૫/૧૫ ઉપવાસ તથા નાનીમોટી તપશ્ચર્યા નીમીત્તે કૃષ્ણનગર દેરાસરમાં "સિદ્ધચક્ર પૂજન" ભણાવવામાં આવેલ, સાકરના પાણી તથા ૦-૨૫ પ્રભાવના થયેલ, તથા તેઓશ્રીના પરિવાર તરફથી કૃષ્ણનગર સોસાયટીનું સ્વામીવાત્સલ્ય રાખવામાં આવેલ અને રૂા. ૧) નું સંઘપૂજન કરવામાં આવેલ.

શ્રાવણ વદ ૫ શ્રીમતી સૂર્યાબેન ખાન્તીલાલના શ્રેણીતપ નિમીત્તે શેઠ વિઠલદાસ ફુલચંદ પરિવાર તરફથી છઠ્ઠ અને ઉપરની તપશ્ચર્યાવાળા સમસ્ત સંઘના તપસ્વીઓને પારણા કરાવવાનો અપૂર્વ લા ા લીધો છે,

શેઠ શાન્તિભાઇ છોટાલાલના પુત્રવધૂ શ્રીમતી જ્યોતીબેન વસંતરાય ઘોઘાવાળાના સિદ્ધિતપની આરાધના ખુબ શાતાપુર્વક પૂર્ણ થતા પરમપૂજ્ય આચાર્યદેવ વિજયનીતિપ્રભસૂરીશ્વરજી મહારાજ સાહેબ સપરીવાર તેમના નિવાસસ્થાને ચતુર્વીધ સંઘ સાથે પધરામણી કરાવી માંગલિક સાંભળી પારણું કર્યું. અને રૂા. ૧) ની પ્રભાવના કરવામાં આવી હતી.

## પરમપૂજ્ય જંબુવિજયજી મહારાજ સાહેબની નિશ્રામાં વેડ મુકામે

પ૦પૂ૦ મુનિ મહારાજશ્રી જંબૂવિજયજી મહારાજ હાલમાં વેડ ગામે (તાલુકો સમી) ચાતુર્માસ માટે પધારેલ છે. અહીં જૈનોના લગભગ પંદર ઘર છે અને તેમા બધી મળીને નાના-મોટા લગભગ સો માણસની વસ્તી છે. તેઓશ્રીની શુભ નિભાયાં ૩૨ માસક્ષમણ. ૧૮ સોળભતા, ૨૩ અઠ્ઠાઈ વગેરે તપશ્ચર્યા થયેલી છે.

આ મહાન તપધર્મની આરાધનાની ઉજવણી નિમિતે, સંવત ૨૦૪૦ના ભાદ્રપદ સુદિ આઠમ રવિવાર તા. ૨-૯-૮૪ના દિવસે શ્રી સિદ્ધચક્ર મહાપૂજન હતું. સવારે દશ વાગે તપસ્વીઓનું બહુમાન, સમગ્ર ભારત જૈનસંઘના મહાન અગ્રેસર શેઠશ્રી શ્રેણીકભાઈ કસ્તુરભાઈ લાલભાઈના વરદ હસ્તે થયું. બપોરે અને સાંજે સાધર્મિક વાત્સલ્ય છે. ઉપરાંત સમગ્ર વેડ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ગામમા ઘર દીઠ વાસણ તથા મીઠાઈ વહેંચવામાં આવેલ. તપસ્વીઓને ધન્યવાદ તેમજ તપની ભૂરિભૂરિ અનુમોદના.

શ્રી જ્યોતિન્દ્ર જયંતિલાલ કપાસીના સ્મરણાર્થે શ્રી વિનોદભાઈ જયંતિલાલ કપાસી તરફથી રૂા. ૫૦૧) અંકે પાંચશો એક પુરા કેળવણી ફંડમાં મળ્યા છે. જેનો સાભાર સ્વીકાર કરવામાં આવે છે. અને તે બદલ તેઓશ્રીનો આભાર માનવામાં આવે છે.

શ્રી હીરાલાલ અનોપચંદ શાહ તરફથી રૂપીઆ ત્રણશો બાવનના પુસ્તકો સભાને ભેટ આપલામાં આવેલ છે. જે વાંચકવૃંદ માટે લાઇબ્રેરીમાં મૂકવામાં આવેલ છે. તે બદલ તેઓશ્રીનો આભાર માનવામાં આવે છે.

## 'શ્રેયશના ઉપક્રમે યોજાઇ ગયેલ સમાજના તેજસ્વી વિદ્યાર્થીઓનો ઇનામ વિતરણ સન્માન સમારોહ'

શ્રી શ્રેયશ જૈન મિત્ર મંડળના ઉપક્રમે તા. ૫-૮-૮૪ને રવિવારના બપોરના સમાજના ૪૫૦ ઉપરાંત વિદ્યાર્થીઓને સન્માનવાનો અને ઇનાંમ વિતરણ કરવાનો એક ભવ્ય સમારંભ મુંબઈ નિવાસી દાનવીર શ્રીયુત મહાસુખલાલ લક્ષ્મીચંદ શેઠ ( સાવરકુંડલાવાળા ) ના પ્રમુખ-સ્થાને અને સમાજસેવક શ્રીયુત પ્રતાપભાઈ બેચરદાસ શેઠ ( કટકવાળા ) ના અતિથિવિશેષપદે યશવંતરાવે નાટયગૃહમાં વકીલો, ડોકટરો, સરકારી અધિકારીઓ અને અગ્રણી કાર્યકરો વિ.ની વિશાળ હાજરીમાં યોજવામાં આવેલ.

સમારંભનો શુભારંભ કુ. જાગૃતિ કામદાર અને કુ. પન્ના શાહના વીરપ્રભુની સ્તુતિ ગાનથી થયો હતો. અને સ્વાગત ગીત પણ બન્ને બહેનોએ ગાયેલ. સ્વાગત પ્રવચન સંસ્થાના પ્રમુખશ્રી કાંતિલાલ આર. શાહે આપેલ.

ઉપસ્થિત પ્રમુખશ્રી અને અતિથિવિશેષશ્રીનો પરિચય શ્રી સુર્યકાન્ત આર. શાહ (ચા વાળા) અને શ્રી એ. ડી. મહેતાએ આપેલ. બહારગામથી અને સ્થાનિક મોટી સંખ્યામાં આવેલ સદેશાનું વાંચન શ્રી પ્રવિણ પારેખે કરેલ. મહેમાનશ્રીને ફુલહાર વિધી સંસ્થાના મંત્રીશ્રી કામદાર અને સમારંભ કન્વીનરશ્રી પ્રવિણ એચ. શાહે કરેલ.

પ્રાસંગિક પ્રવચન વિદ્યાદતા, પ્રખર વક્તા હિન્દી ભાષી પ્રો. ક્રિષ્ણાબેન મજીઠીયાએ પોતાની અનોખી શૈલીમાં આપેલ. અને જણાવેલ કે વિદ્યાર્થીઓમાં વિનયની ભાવના લુપ્ત થતી જાય છે. અને વડીલો પ્રત્યેનો આદર દૂર થતો જાય છે જે ખુબજ દુઃખદ છે.

'શ્રેયશ' શિલ્ડ વિજેતા અને એસ. એસ. સી. ભાવનગર પ્રથમ શ્રી આશિષ સી. શાહ અને ધો ૧૨ ઉચ્ચ ગુણાંક મેળવનાર શ્રી દીજેન કે. શાહે પણ સુંદર પ્રવચન આપેલ.

પ્રતિવર્ષ સંસ્થા દ્વારા સમાજને ધાર્મિક શિક્ષણ આપતા શિક્ષક-શિક્ષિકા બહેનનું સન્માન કરવામાં આવે છે. તે મુજબ શ્રીમતી રંજબેનને અર્પણ થનાર ધાર્મિક શિક્ષિકા સન્માન-પત્ર તથા પુરસ્કાર અર્પણવિધિ શ્રીમતી પન્નાબેન મહાસુખલાલના વરદ હસ્તે થયેલ તેમજ ધાર્મિક શિક્ષણના વિવિધ ઈનામોની વિતરણ વિધી પણ તેઓના હસ્તે થયેલ તેમજ આત્માનંદ સભાવતી એસ. એસ. સી પ્રથમ તથા સંસ્કૃતમાં પ્રથમ વિદ્યાર્થી શ્રી આશિષ શાહને રૂા. ૫૧-૫૧નું ઈનામ આપવામાં આવેલ.

સમારંભના પ્રમુખશ્રીએ પોતાના વકતવ્યમાં સમાજમાં કેળવણી વિષયક માનવતાલક્ષી બને અને ધાર્મિક કાર્યોમાં 'શ્રેયસ'ની સેવાને બિરદાવતું પ્રવચન આપેલ. અને ઇનામ વિતરણ વિધિ સન્માનપત્ર એનાયત વિધિ સમારંભ પ્રમુખશ્રી અને અતિથિવિશેષશ્રીના વરદ હસ્તે થયેલ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Atmanand Prakash Regd G. BV. 31.

## —: અમૂલ્ય પ્રકાશન :—

અનેક વરસોની મહેનત અને સંશોધનપૂર્વક પરમપૂજ્ય વિદ્વાન

મુનિરાજશ્રી જંબૂવિજયજી મહારાજના

વરદહસ્તે સંપાદિત થયેલ અજોડ અને અમૂલ્ય ગ્રંથ

# દ્વાદશારં નયચક્રમ્ પ્રથમ અને દ્વિત્તીય ભાગ

આ અમૂલ્ય ગ્રંથ જેમાં નયોનું અદ્ભુત વર્ણન છે તે દરેક સાધુ મુનિરાજો તથા સાધ્વીજી મહારાજ માટે અતિ ઉપયોગી ગ્રંથ છે. દરેક ગૃહસ્થોએ અને સમાજની દરેક લાયબ્રેરી માટે વસાવવા જોઈએ.

આ ગ્રંથ માટે પરમપૂજ્ય આચાર્યશ્રી **વિજયધર્મસૂરીશ્વરજી** મહારાજ જણાવે છે કે—

**ભાવનગર શ્રી જૈન આત્માનંદ સભાએ** આ પુસ્તકનું પ્રકાશન કર્યું તે એક મોટા **ગૌરવની વાત છે. જે વિદ્વાન મુનિ મહારાજો,** સાધ્વીજી મહારાજો, તથા શ્રાવકો તેમજ શ્રાવિકાઓને જૈન દર્શનના અભ્યાસ માટે ખૂબ જ ઉપયોગી નીવડશે.

ભારતભરમાં અનેક જૈન સંસ્થાઓ છે. તેઓએ પ્રગટ કરેલા પુસ્તકોમાં આ 'દ્વાદશારં નયચક્રમ્'ને શ્રેષ્ઠ સ્થાને મૂકી શકાય તેમ છે. માટે શ્રી જૈન આત્માનંદ સભાને ધન્યવાદ ઘટે છે. (કિંમત રૂા. ૪૦-૦૦ પોસ્ટ ખર્ચ અલગ)

---

## બહાર પડી ચુકેલ છે જિનદત્તકથાનકમ્ (અમારૂં નવું પ્રકાશન)

પ્રસ્તુત જિનદત્તકથાનક સંસ્કૃત ભાષાના અભ્યાસીઓ માટે ખાસ ઉપયોગી એવો કથાગ્રંથ છે.

સ્વ. પૂજ્યપાદ આગમપ્રભાકર શ્રુત-શિલવારિધિ શ્રી પુણ્યવિજયજી મહારાજની ઇચ્છાનુસાર આ ગ્રંથ પ્રકાશન કરવામાં સફળ થતા ખુબ આનંદ અને સંતોષ અનુભવાય છે.

અમારી વિનંતિને ધ્યાનમાં લઇને પરમપૂજ્ય સાધ્વીજી મહારાજશ્રી ઓંકારશ્રીજી મહારાજે આ ગ્રંથનું સંપાદન-સંશોધનનું કાર્ય કરી આપવાની કૃપા કરી છે.

આ કથાનકનો ગુજરાતી ભાષામાં પણ સંક્ષિપ્ત સાર આપવામાં આવ્યો છે. આ ગ્રંથ દરેક લાયબ્રેરીમાં વસાવવા યોગ્ય છે. (**કિંમત રૂા. ૮–૦૦**)

લખો— **શ્રી જૈન આત્માનંદ સભા** : ખારગેટ, **ભાવનગર.**

તંત્રી : શ્રી પોપટભાઇ રવજીભાઇ સલોત શ્રી આત્માનંદ પ્રકાશ તંત્રી મંડળ વતી

પ્રકાશક : શ્રી જૈન આત્માનંદ સભા, ભાવનગર.

મુદ્રક : શેઠ હેમેન્દ્ર હરિલાલ, આનંદ પ્રી. પ્રેસ, સુતારવાડ, ભાવનગર.

For Private And Personal Use Only